**સુવિચાર**

સંબંધ ત્યારે નબળા પડે જયારે એકબીજાને
પામવા નીકળેલા બે જણ એકબીજાને
માપવા લાગે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




સામાકાંઠે રેડીમેઇડ કપડાની દુકાન ચલાવતી મહિલા સાથે ફિઝિકલ રિલેશન રાખવા ઘરાર પ્રેમીનું દબાણ P-4


**Year-16, Issue-74 ■ DATE : 03-07-2025 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI**


# ઘાના ગ્લોબલ સાઉથમાં એક મહત્વપૂર્ણ ભાગીદારઃ નરેન્દ્ર મોદી

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગઈકાલે બે દિવસની મુલાકાતે ઘાના પહોંચ્યાઃ ઘાનાના રાષ્ટ્રપતિએ મોદી માટે પ્રોટોકોલ તોડ્યો, એરપોર્ટ પર રેડ કાર્પેટ બિછાવી સ્વાગત કર્યુંઃ ઘાનાના રાષ્ટ્રીય સન્માન સાથે ૨૧ તોપોની સલામી**





**મુખ્ય સમાચાર, અક્રા**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે બે દિવસની મુલાકાતે ઘાના પહોંચ્યા હતા. આ દરમિયાન એરપોર્ટ પર તેમનું લાલ જાજમ બિછાવવામાં આવ્યું હતું. ઘાનાના રાષ્ટ્રપતિ જોન ડ્રામાની મહામાએ પણ પ્રોટોકોલ તોડીને એરપોર્ટ પર પીએમ મોદીનું સ્વાગત કર્યું હતું.

તેમની મુલાકાત દરમિયાન, પીએમ મોદી ઘાનાના ટોચના નેતૃત્વ સાથે બેઠકો કરશે અને મજબૂત દ્વિપક્ષીય ભાગીદારીની સમીક્ષા કરશે. પીએમ મોદી ઘાનાની સંસદને પણ સંબોધિત કરશે.

વડાપ્રધાનનું સ્વાગત અત્યંત ઉષ્માભેર કરવામાં આવ્યું હતું અને તેમને ૨૧ તોપોની સલામી આપવામાં આવી હતી. બાદમાં તેમને ઘાનાનો બીજો રાષ્ટ્રીય સર્વોચ્ચ નાગરિક સન્માન ઓફિસર ઓફ ધ ઓર્ડર, ઓફ ધ સ્ટાર, ઓફ ધ ઘાના આપવામાં આવ્યો હતો. બંને દેશો વચ્ચે ચાર મહત્વપૂર્ણ કરાર થયા છે જેમાં કલા સાંસ્કૃતિ, ફાર્મા સહિતના ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

રાષ્ટ્રપતિ જોન ડ્રામાની મહામાના આમંત્રણ પર ઘાનાની મુલાકાતે આવેલા મોદી, અકરા પહોંચ્યા બાદ કોટોકા આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર ગાર્ડ ઓફ ઓનરનું નિરીક્ષણ કર્યું. આ પ્રધાનમંત્રી મોદીની ઘાનાની પ્રથમ દ્વિપક્ષીય મુલાકાત છે. ત્રણ દાયકામાં ભારતીય પ્રધાનમંત્રીની ઘાનાની આ પ્રથમ મુલાકાત પણ હશે.

ઘાના પહોંચ્યા પછી, પીએમ મોદીએ ટવીટર પર લખ્યું, ઘાનાના અકામાં ઉતરાણ કર્યું. રાષ્ટ્રપતિ જોન ડ્રામાની મહામા દ્વારા એરપોર્ટ પર મારું સ્વાગત કરીને મને આપવામાં આવેલા વિશેષ આવકારથી હું સન્માનિત છું. આપણા દેશો આપણા લાંબા સમયથી ચાલતા સંબંધોને મજબૂત બનાવવા અને સહયોગના નવા રસ્તાઓ શોધવા માટે સાથે મળીને કામ કરવા આતુર છે.

અગાઉ, જતા સમયે પોતાના નિવેદનમાં, પીએમ મોદીએ કહ્યું હતું કે ઘાના ગ્લોબલ સાઉથમાં એક મહત્વપૂર્ણ ભાગીદાર છે અને આફ્રિકન યુનિયન અને પશ્ચિમ આફ્રિકન દેશોના આર્થિક સમુદાયમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

તેમણે કહ્યું કે તેઓ બંને દેશો વચ્ચેના ઐતિહાસિક સંબંધોને વધુ મજબૂત બનાવવા અને રોકાણ, ઉર્જા, આરોગ્ય, સુરક્ષા અને વિકાસ ભાગીદારીના ક્ષેત્રોમાં સહયોગના નવા દરવાજા ખોલવાના હેતુથી વાટાઘાટોની રાહ જોઈ રહ્યા છે. તેમણે કહ્યું, આપણે બંને લોકશાહી દેશો છીએ. આવી સ્થિતિમાં, ઘાનાની સંસદને સંબોધિત કરવી મારા માટે સન્માનની વાત હશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઘાનામાં ભારતીય મુળના લોકો સાથે સમય વિતાવ્યો હતો ખાસ કરીને બાળકો સાથે મોદી ઓતપ્રોત થઈ ગયા હતા અને ઘાનામાં સંસ્કૃતના શ્લોક અને વંદે માતરમનો ઘોષ ગાજી ઉઠયો હતો. વડાપ્રધાનની આ પ્રથમ ઘાના યાત્રા છે. છેલ્લા ત્રણ દસકામાં કોઈપણ ભારતીય વડાપ્રધાન આ દેશ પહોંચ્યા ન હતા તેથી વડાપ્રધાનનું સ્વાગત કરવા અહીં ૧૫ હજારથી વધુ મુળ ભારતીય વંશના લોકો ઉપસ્થિત રહ્યા હતા અને તેમાં અનેક ટોચના ઉદ્યોગપતિઓ પણ છે અને શ્રમિકો તરીકે કામ કરે છે.

## બાળકોના દિવ્યાંગતા સર્ટી. માટે માતા-પિતાના આવકના આધારની કોઇ જરૂર નથીઃ મદ્રાસ હાઈકોર્ટ



**મુખ્ય સમાચાર, ચેન્નાઇ**

મદ્રાસ હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદામાં જણાવ્યું છે કે, બાળકોના દિવ્યાંગતા સર્ટીફીકેટ માટે તેના માતા-પિતાના આવકના આધારની કોઈ જરૂર નથી. તામિલનાડુમાં રાજય સરકાર દ્વારા જે યુગલોના બાળકો માનસિક અને શારીરિક રીતે દિવ્યાંગ હોય તેમને જીવનભર ફેમેલી પેન્શન મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

જેમાં લાંબા સમયથી આ યોજનામાં લાભાર્થી કુટુંબ પાસેથી એક યા બીજા પ્રકારના વધારાના દસ્તાવેજો માંગવામાં આવી રહ્યા હોવાની ફરિયાદ આવી હતી અને તેમાં મદ્રાસ હાઈકોર્ટ સમક્ષ વિવાદ પહોંચતા જ હાઈકોર્ટે જણાવ્યું કે દિવ્યાંગતા પેન્શન એ યોગ્યતા ધરાવતા વ્યકિત માટે અધિકાર છે.


સરકાર તેમાં કોઈ ખેરાત કરતી નથી અને આ માટેના નિયમોમાં અત્યંત સ્પષ્ટતા હોવા છતાં પણ જે રીતે સરકાર દ્વારા આ પ્રકારના પેન્શનમાં વધારાના દસ્તાવેજો અને ખાસ કરીને જે બાળકો દિવ્યાંગ હોય તેમના માતા-પિતાની આવક સહિતના પુરાવા મેળવવામાં આવે છે તે એક ખોટી પધ્ધતિ છે અને ખાસ કરીને જેઓ ગરીબ અને વંચિત વર્ગ છે તેઓ આ પ્રકારના પેન્શન માટે આવતા હોય છે.

ત્યારે તેમને સરકારી નિયમોની જાળમાં ફસાવી દેવા તે યોગ્ય ગણાય નહીં. હાઈકોર્ટે જણાવ્યું કે, દિવ્યાંગતા નિશ્ચિત કરવા માટે માન્ય તબીબી પ્રક્રિયા બાદ જે સર્ટીફીકેટ આપવામાં આવે છે તે એક માત્ર તેનો આધાર બની રહેવો જોઈએ.

આ ઉપરાંત આવકના દાખલા સહિતના જે પુરાવા મેળવાય છે તે વધુ પડતી બાબુશાહી છે અને સરકારે અગાઉથી જ દિવ્યાંગતાનો ભોગ બનેલા બાળકોના પરિવાર સાથે આ પ્રકાર પધ્ધતિ અપનાવી જોઈએ નહીં.

આ ઉપરાંત નિર્ધારીત સમયે પેન્શન પેમેન્ટ મળે તે પણ બંધારણની કલમ ૨૧ મુજબ જીવનના અને સન્માનપૂર્વક જીવનના અધિકારનો એક ભાગ છે અને સરકાર તેનો ઈન્કાર કરી શકે નહીં. હાઈકોર્ટના આ ચુકાદાથી સેંકડો કુટુંબો માટે રાહત થશે તે નિશ્ચિત છે.

## ભારત-અમેરિકા વચ્ચે વેપાર કરાર મંત્રણા અંતિમ તબક્કામાં



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારત અને અમેરિકા વચ્ચે વચગાળાના વેપાર કરાર થઈ રહ્યા છે. આગામી ૪૮ કલાકમાં મોટી જાહેરાત થઈ શકે છે. ભારત-યુએસ વચ્ચેનો વેપાર કરાર અંતિમ ચરણમાં છે. ડોનાલ્ડ ટ્રમ્પ તરફથી લાગુ રેસિપ્રોકલ ટેરિફ પર રોકની ડેડલાઈન ૯ જુલાઈના રોજ પૂરી થઈ રહી છે. અગાઉ બંને દેશો વચ્ચે ટ્રેડ ડીલ પર મહોર વાગવાની હતી, પરંતુ ભારત કૃષિ ક્ષેત્રે પોતાની શરતો પર અડગ રહેતાં ડીલ ખોરંભે પડી હતી.

છેલ્લા થોડા દિવસથી ભારત અને અમેરિકા બંને દેશો તરફથી ટ્રેડ ડીલ પર કરાર મુદ્દે નિવેદનો આવી રહ્યા છે. મીડિયા સૂત્રોએ જણાવ્યું હતું કે, બંને દેશો વચ્ચે વેપાર કરારની વાતચીત અંતિમ તબક્કામાં પહોંચી છે. ટૂંકસમયમાં જ જાહેરાત થઈ શકે છે. જો કે, ભારત કૃષિ અને ડેરી ક્ષેત્રે અમુક શરતો માનવાનો ઈનકાર કરી રહ્યું હોવાનું જાણવા મળ્યું છે. ભારતે કપડાં, જેમ્સ-જ્વેલરી, ચામડું, પ્લાસ્ટિક અને કેમિકલ જેવા ક્ષેત્રોમાં અમુક રાહતોની માગ કરી છે.

ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર મુદ્દે અમુક શરતો અને અપેક્ષા રાખવામાં આવી હતી. જેમાં અમેરિકા ઈચ્છે છે કે ભારત પોતાનું કૃષિ અને ડેરી બજાર અમેરિકા માટે ખોલે, જેથી આ ક્ષેત્ર સાથે સંકળાયેલા અમેરિકન ઉત્પાદનોને ભારત જેવું મોટું બજાર મળી શકે. જોકે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર અમેરિકા દ્વારા કરવામાં આવી રહેલી આ માંગણી માટે બિલકુલ તૈયાર નથી, તે પોતાના વલણ પર અડગ છે. ભારત કેટલાક અમેરિકન કૃષિ ઉત્પાદનો પર ૧૦૦% ટેરિફ લાદે છે અને અમેરિકા તેને સમાપ્ત કરવાની માંગ કરી રહ્યું છે. આનું કારણ એ છે કે જો આવું થશે, તો ભારતીય ખેડૂતોને નુકસાન થશે અને તેમને ઉત્પાદનનો યોગ્ય ભાવ મળશે નહીં.

આ અઠવાડિયાની શરૂઆતમાં, નાણામંત્રી નિર્મલા સીતારમણે ભારત-અમેરિકા વેપાર કરાર અંગે એક મોટું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે ભારત અમેરિકા સાથે એક મોટો અને સારો સોદો કરવા માંગે છે, પરંતુ આ માટે શરતો પણ લાગુ કરવી પડશે. ખાસ કરીને, નાણામંત્રીએ કૃષિ-ડેરી ક્ષેત્ર પર ઊંડાણપૂર્વક વિચારણા પર ભાર મૂક્યો હતો. અમેરિકા સાથેના વેપાર કરાર અંગે ભારત સરકાર દ્વારા પ્રથમ વખત નિવેદન આવ્યું હતું.

નિર્મલા સીતારમણ દ્વારા વેપાર કરાર અંગે આપવામાં આવેલા આ નિવેદન પહેલાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે ભારત-અમેરિકા વેપાર કરાર અંગે ૮ જુલાઈ સુધીમાં ચિત્ર સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ જશે. ભારત સાથે ટૂંક સમયમાં એક મોટો વેપાર કરાર થઈ શકે છે અને અમે ભારત માટે દરવાજા ખોલી રહ્યા છીએ. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે પણ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેના સંબંધોનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે ભારત-અમેરિકા સંબંધો ભવિષ્યમાં પણ સારા રહેશે. બંને દેશો વચ્ચે એક મજબૂત વેપાર કરાર થવા જઈ રહ્યો છે. જેની ટૂંકસમયમાં જાહેરાત થશે.

## માલીમાં અલકાયદાએ ત્રણ ભારતીય નાગરકીનું કર્યુ અપહરણ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પશ્ચિમ આફ્રિકન દેશ માલીમાં અલકાયદાએ ત્રણ ભારતીય નાગરિકોનું અપહરણ કરતા ભારત સરકાર એકશનમાં આવી ગઈ છે અને આ નાગરિકોને તાત્કાલીક મુકત કરાવવાની કાર્યવાહી શરૂ કરી છે.

વિદેશ મંત્રાલયએ આ અંગે માહિતી આપતા જણાવ્યું કે, ૧ જુલાઈના કેટલાક સશસ્ત્ર હુમલાખોરોએ માલીના કાયસમાં એક ડાયમંડ સિમેન્ટ ફેકટરીમાં કામ કરતા ભારતીય કામદારોનું અપહરણ કરવામાં આવ્યું હતું અને તેની પાછળ અલકાયદા પાછળ છોડાયેલા નુસરત અલ ઈસ્લામ, વાલ મુસલમીનની ભૂમિકા હોવાનું માનવામાં આવે છે.

જે સંદર્ભમાં આ દેશના સત્તાવાળાઓ સાથે ભારતે સંપર્ક બનાવ્યો છે. સુત્રોના જણાવ્યા મુજબ આ ભારતીયોની મુકિતના બદલે મોટી રકમની માંગણી થઈ શકે છે. સરકારે આ ત્રણે ભારતીયોના પરિવારજનોનો પણ સંપર્ક કર્યો છે અને સરકાર શકય તેટલા વહેલા તેમની મુકિત માટે પ્રયાસ કરી રહ્યા હોવાની ખાતરી આપી છે.

આ પ્રકારની ઘટનાઓમાં અલકાયદાના આતંકીઓનો મુખ્ય હેતુ ખંડણીની રકમ જ મેળવવાનો હોય છે જેમાં ફેકટરીના માલિકથી લઈને ભારત સરકાર પાસેથી નાણાની માંગણી કરશે તેવું માનવામાં આવે છે. માલીમાં આવેલા નાના ઔદ્યોગિક એકમોમાં ૧૦૦થી વધુ ભારતીયો હાલ કામ કરે છે. તેમને સુરક્ષીત કરવામાં આવ્યા છે.

## ગુજરાતમાં હવે દિવસમાં ૯ને બદલે ૧૨ કલાકની શિફટને લીલીઝંડી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં વર્ક કલ્ચરને મહત્વ આપવા રાજય સરકારે ફેકટરી એકટમાં મોટા સુધારા કર્યા છે અને હવે દિવસમાં ૯ ને બદલે ૧૨ કલાક સુધી કામકાજની છુટ આપવામાં આવી છે જોકે પુરા સપ્તાહ દરમ્યાન ૪૮ કલાકથી વધુ કામગીરી કરી શકાશે નહીં.

સરકારે જણાવ્યું હતું કે, ૧૨ કલાકની શીફટમાં ૬ કલાકના અંતે ૩૦ મીનીટનો બ્રેક આપવો જરૂરી બની ગયો છે. એક તરફ દેશમાં ફાઈવ ડે વીકની તૈયારી છે તે સમયે રાજય સરકારે આ સાથે હવે ડેઈલી વર્કિંગ અવર્સ વધારીને ફેકટરીઓ માટે સાનુકુળ સર્જી છે અને ૧૨ કલાકની શીફટ એ ફેકટરીઓના કામકાજમાં એકસુત્રતા લાવશે.

આ ઉપરાંત સરકારે ફેકટરી એકટમાં કરેલા નવા સુધારા મુજબ મહિલાઓને નાઈટ શીફટ કરવાની પણ મંજૂરી આપી છે અને તેમાં કોમર્શિયલ એસ્ટાબીલ્સનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

સરકારે જાહેર કરેલા નવા વટહુકમ મુજબ મહિલાઓ રાઉન્ડ ધ કલોક એટલે કે દિવસ અને રાત્રી બંનેમાં કોઈપણ શીફટમાં સામેલ થઈ શકશે અને તે માટે મહિલાઓની સલામતીની વ્યવસ્થાઓ પણ કરવી જરૂરી બનશે.

હાલ રાજયમાં ૯ કલાકની જે શીફટ છે તેમાં થયેલો વધારો એ મલ્ટીનેશનલ કંપનીઓ માટે સૌથી મહત્વનું બની જશે. રાજય સરકારે અગાઉ નાઈટ શીફટ માટે જે મંજૂરી આપી હતી તેના નિયમોમાં પણ કેટલાક ફેરફાર કર્યા છે.

## સંસદનું ચોમાસુ સત્ર ૧૨ ઓગસ્ટ સુધી ચાલશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સંસદનું ચોમાસુ સત્ર ૨૧ જુલાઈથી શરૂ થશે, જે ૧૨ ઓગસ્ટ સુધી ચાલશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સરકારના આ -સ્તાવને મંજૂરી આપી છે. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ બુધવારે આ માહિતી આપી. તેમણે જણાવ્યું કે આ વખતે ચોમાસુ સત્ર ૨૨ દિવસ સુધી ચાલશે. પહેલગામ હુમલા પછી યોજાનારા આ સંસદ સત્રમાં ખૂબ જ હોબાળો થવાનો છે. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ મંગળવારે એક્સ'' પર પોસ્ટ કરીને માહિતી આપી હતી સ્વતંત્રતા દિવસની ઉજવણીને ધ્યાનમાં રાખીને, ૧૩ અને ૧૪ ઓગસ્ટે કોઈ બેઠક નહીં થાય.

સંસદના બંને ગળહો ત્રણ મહિનાથી વધુ સમયના અંતરાલ પછી ૨૧ જુલાઈએ સવારે ૧૧ વાગ્યે શરૂ થવાના છે. અગાઉ, રિજિજુએ મીડિયાને જણાવ્યું હતું કે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની આગેવાની હેઠળની સંસદીય બાબતોની કેબિનેટ સમિતિએ તારીખોની ભલામણ કરી હતી.

ઓપરેશન સિંદૂર પછી આ પહેલું સત્ર તોફાની રહેવાની ધારણા છે. તે જ સમયે, આગામી સત્ર દરમિયાન, સરકાર અલ્હાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ યશવંત વર્મા સામે મહાભિયોગ પ્રસ્તાવ લાવવાની પણ તૈયારી કરી રહી છે.

## હવે દેશમાં મોંઘવારી રાજય વાઈઝ નક્કી થશે

**સામાન્ય રીતે એક રાજયમાં જે ઉત્પાદન સસ્તુ હોય તે બીજા રાજયમાં મોંઘુ હોય છે**



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં આગામી સમયમાં છુટક ફુગાવાની વ્યવસ્થામાં મોટા ફેરફાર થવા જઈ રહ્યા છે અને તેમાં હવે રાજયવાઈઝ જે રીતે મોંઘવારી છે તેના આધારે કન્ઝયુમર્સ પ્રાઈઝ ઈન્ડેક્ષ જાહેર કરવામાં આવશે.

સામાન્ય રીતે એક રાજયમાં જે ઉત્પાદન સસ્તુ હોય તે બીજા રાજયમાં મોંઘુ હોય છે અને તેના કારણે અનેક વખત ફુગાવાની સ્થિતિમાં અસમાનતા જોવા મળે છે. ખાસ કરીને સામાન્ય વપરાશના શાકભાજી અને બેઝીક અનાજ કે જેનું ઉત્પાદન જે તે રાજયમાં વધુ હોય છે.

તેના ભાવમાં મોટો તફાવત જોવા મળે છે. આસામ અને આંધ્રપ્રદેશમાં ટમેટાના ભાવમાં મોટો તફાવત હોય છે. પરંતુ રાષ્ટ્રીય ચિત્ર બનાવતા સમયે જે સૌથી ઓછો ભાવ હોય તેને જ ધ્યાનમાં લેવાય છે જેના કારણે ભારતમાં ફુગાવાનું ચિત્ર અત્યંત સ્પષ્ટ રહેતું નથી અને તેના કારણે સરકારે હવે રાજય આધારીત ફુગાવાના ડેટા જાહેર કરવા નિર્ણય લીધો છે.

હાલ સરકાર પાસે સબગ્રુપ લેવલે રાજયવાઈઝ શાકભાજી ફળો અને તેવા ઉત્પાદનોના ભાવ હોય છે. પરંતુ અંતે ઓલ ઈન્ડિયા કેટેગરી નકકી કરતા સમયે તેમાં સૌથી ઓછા ભાવને જ ધ્યાનમાં લેવાય છે અને તેના કારણે રાજયોને પોતાના નાગરિકોને ખરેખર કેટલી મોંઘવારી નડે છે તેનું કોઈ ચિત્ર મળતું નથી.

આ ઉપરાંત આગામી સમયમાં ફુગાવાની ગણતરીમાં હવે મોબાઈલ ફોન બીલ, લેન્ડલાઈન બીલ, પાણી ચાર્જ, ધોબી, હેરકટીંગ, કાનુની ખર્ચ, પ્લમ્બીંગ આ તમામ જે ખર્ચાઓ રોજબરોજના જીવનમાં ઉપયોગી હોય છે. તેનો પણ હવે ફુગાવામાં સમાવેશ થશે જેના કારણે પણ લોકોના બજેટમાં ખરેખર ખર્ચ કેટલો થાય છે તેનું ચિત્ર જાળવા મળી શકશે.

આ માટે સર્વિસ ડેટાનો એક નવો ખ્યાલ તૈયાર થઈ રહ્યો છે અને તેમાં અન્ય પ્રકારની સેવાઓનો પણ સમાવેશ કરાશે. દેશના ૩૬ રાજયોમાંથી ૧૯ રાજયો એવા છે જયાં સામાન્ય કરતા ઉંચો ફુગાવો જોવા મળે છે.

નેશનલ એવરેજ કે જે હાલ ૭૫ મહિનાની સૌથી નીચી સપાટી ૨.૮ ટકા છે પરંતુ કેરળમાં તે ૬.૫ ટકા, લક્ષદ્વીપમાં ૬.૨ ટકા, પંજાબમાં ૫.૨ ટકા અને દીવ-દમણમાં અને કાશ્મીરમાં તે ૪.૬ ટકા છે.

## પોતાની ભૂલને કારણે જીવ ગુમાવનારાઓને વીમા કંપની વળતર ચૂકવવા માટે બંધાયેલી નથીઃ સુપ્રીમ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે સ્ટંટ કરતી વખતે પોતાની ભૂલને કારણે જીવ ગુમાવનારાઓને વીમા કંપની વળતર ચૂકવવા માટે બંધાયેલી નથી. કોર્ટે એક વ્યક્તિના મળત્યુ પછી કોર્ટનો સંપર્ક કરનાર વ્યક્તિના માતા-પિતાને રાહત આપવાનો ઈનકાર કર્યો હતો.

૧૮ જૂન, ૨૦૧૪ ના રોજ, એનએસ રવિશ નામની વ્યકિત મલ્લાસાંદ્રા ગામથી અરાસિકકેરે જઈ રહેલી ફિયાટ લાઈનિયામાં મુસાફરી કરી રહ્યા હતા. તે સમયે તેના પિતા, બહેન અને બાળકો કારમાં બેઠા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રવિશ બેદરકારીથી, વધુ ઝડપે ગાડી ચલાવી રહ્યો હતો અને ટ્રાફિક નિયમો તોડી રહ્યો હતો, પરંતુ તે પછી તેણે મલનહલ્લી નજીક કાર પરનો કાબુ ગુમાવ્યો. મુસાફરી દરમિયાન વાહન રસ્તા પર પલટી ગયું.

તે અકસ્માતમાં રવિશનું મળત્યુ થયું. તેમની પત્ની, પુત્ર અને માતા-પિતા ૮૦ લાખ રૂપિયાના વળતરની માંગ કરી રહ્યા હતા. પોલીસે ચાર્જશીટ દાખલ કરી અને દાવો કર્યો કે રવિશના બેદરકારીપૂર્વક વાહન ચલાવવાને કારણે અકસ્માત થયો હતો. મોટર અકસ્માત ટ્રિબ્યુનલે તેમનો દાવો ફગાવી દીધો હતો.

બાદમાં તેમણે કર્ણાટક હાઈકોર્ટમાં અરજી કરી અને દાવો કર્યો કે ટાયર ફાટવાને કારણે અકસ્માત થયો હતો. કોર્ટે કહ્યું, જ્યારે મળતકના કાનૂની પ્રતિનિધિ વતી દાવો કરવામાં આવે છે, ત્યારે એ સાબિત કરવું જરૂરી છે કે મળતક પોતે બેદરકારીપૂર્વક વાહન ચલાવવા માટે જવાબદાર ન હતો. વીમા કંપની કાયદેસર લાભાર્થીઓને ચુકવણી કરી શકે તે માટે મળતક પોલિસીમાં આવરી લેવામાં આવ્યો છે તે સાબિત કરવું પણ જરૂરી છે.

જસ્ટિસ પીએસ નરસિંહા અને જસ્ટિસ આર મહાદેવન અરજીની સુનાવણી કરી રહ્યા હતા. તેમણે જીવ ગુમાવનાર વ્યક્તિના પરિવારને રાહત આપી ન હતી. બેન્ચે કહ્યું કે જો કોઈ બાહ્ય કારણ વગર જીવ ગુમાવનાર વ્યક્તિની ભૂલને કારણે અકસ્માત થયો હોય તો પરિવાર વીમા કંપની પાસેથી ચુકવણીની માંગ કરી શકતો નથી.

# જામનગર પોલીસ કર્મીઓ દ્વારા ૩૦૦ બહેનોને કરાટે સહિતની સ્વરક્ષણ અંગેની તાલીમ અપાઈ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુના માર્ગદર્શન હેઠળ જામનગરમાં જીનિયસ ક્લબ દ્વારા એક ભવ્ય મેગા ગેમ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત થયેલી વિમાન દુર્ઘટનામાં દિવંગત થયેલા સ્વ. વિજયભાઈ રૂપાણી અને અન્ય ભોગ બનેલા દિવંગતોને બે મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી.

જામનગર સુરક્ષા સેતુ સોસાયટીના સિટી એ ડિવિઝનમાંથી વિનાયકભાઈ વાઘેલાના નેતૃત્વ હેઠળ કરાટે ટ્રેનર મયુરભાઈ પીપરવદર અને પ્રકાશભાઈ પિંડારીપા દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ ૩૦૦ જેટલા બહેનો સમક્ષ સ્વરક્ષણ અંગેનો અદભુત ડેમો રજૂ કરવામાં આવ્યો હતો, જેને પ્રેક્ષકો તરફથી પ્રચંડ પ્રતિસાદ મળ્યો હતો.કાર્યક્રમમાં વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તમામ સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સુરતથી ઉપસ્થિત રહેલ ગુલાબ ઓઈલના નેહાબેન દોશી દ્વારા તમામ વિજેતાઓને ઇનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં રિટેઈલ વેપારી મહામંડળના પ્રમુખ શશિકાંતભાઈ મશરૂ, ગુજરાત રાજ્ય સેવા સમિતિ જામનગર જિલ્લા પ્રમુખ વિશાલભાઈ પોપટ, મહિલા પ્રમુખ જ્યોતિબેન ગોંડલિયા, જામનગર મહિલા બેંકના ચેરપર્સન હર્ષાબેન રાવલ, પ્રતિષ્ઠિત મહિલા નૃપાબેન મકવાણા, અને જીનિયસ ક્લબના ફાઉન્ડર ક્રિષ્નાબેન ઠક્કર સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભાવનાબેન પોપટ દ્વારા કરવામાં આવ્યું હતું.

# જામનગર જી.જી.હોસ્પિટલ પરીસરમાંથી અજાણી લાશ મળી



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની જી.જી.હોસ્પિટલના વોર્ડ નં.૧૦૧ નજીકથી ૫૦ થી ૫૫ વર્ષની એક અજાણી સ્ત્રી બેભાન હાલતમાં મળી આવી હતી. જેને સારવાર અર્થે દાખલ કરતાં ફરજ પરના ડોક્ટરે તેણીને તપાસી તેનું મોત નિપજ્યાનું જાહેર કર્યું હતું.આ બનાવ અંગે સામાજીક કાર્યકર હિતેશગીરી લાલગીરી ગોસાઇ (ઉ.વ.૩૬, રહે.ગાંધીનગર, મોમાઈનગર, જામનગર) નામના યુવાને પોલીસને જાણ કરતાં સિટી બી ડિવિઝન પોલીસનો સ્ટાફ.જી.જી.હોસ્પિટલ પહોંચ્યો હતો. જ્યાં પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી આ સ્ત્રીના વાલીવારસાની શોધખોળ હાથ ધરી હતી.

# જામનગર એસટી વિભાગના કર્મચારી હરેન્દ્રસિંહ જાડેજાનો વિદાય સમારંભ યોજાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ડેપોના,વી.ઈ.તરીકે ફરજ.હરેન્દ્રસિંહ મોહબત સિંહ જાડેજા.વય નિવૃત થતા વિદાય સમારંભ યોજાયો હતો. જેમાં જામનગર ડેપોના ડ્રાઈવર કંડકટર અને સ્ટાફ મિત્રો તેમજ સગાં સંબંધીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# "સહકાર થકી અવિરત સંવેદના"




**મુખ્ય સમાચાર, ધોરાજી**

ધોરાજી શહેરની શ્રી ધોરાજી વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી.ના ખેડુત સભાસદ મનીષભાઈ બચુભાઈ વઘાસીયાનુ અકસ્માતે દુઃખદ અવસાન થતા શ્રી રાજકોટ જીલ્લા બેંક દ્વારા લેવાયેલ રૂ.૧૦/- લાખ તેમજ મંડળી દ્વારા લેવાયેલ રૂ.૧૦/- લાખની વિમા પોલીસી અંતર્ગત મંજુર થયેલ કુલ રૂ.૨૦/- લાખની વિમાની રકમના ચેક એમના વારસદાર સંગીતાબેન મનિષભાઈ વઘાસીયાને રૂબરૂ એમના નિવાસસ્થાને અર્પણ કરીને સાંત્વના પાઠવતા જીલ્લા બેંકના યુવા ચેરમેન જયેશ રાદડિયા

આ કાર્યક્રમમાં જીલ્લા બેંકના ડીરેક્ટર કાંતિભાઈ જાગાણી,માર્કેટિંગ યાર્ડના ચેરમેન હરકિસનભાઈ માવાણી,નગરપાલિકાના સદસ્ય નિતિનભાઈ જાગાણી તેમજ મંડળીના પ્રમુખ ચિન્ટુભાઈ કોયાણી ઉપસ્થિત રહેલ હતા.

# કન્ટેઈનર ઓફિસમાંથી ચોરી કરનાર બે શખ્સો રૂા.૪.૯૦ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકાના મસીતીયા-કનસુમરા રોડ પર ચાલતી ખામગી કંપનીની સાઈટ પર કન્ટેઈનર ઓફીસમાંથી ચોરીનો ભેદ પોલીસે ઉકેલી નાંખીને બે શખસોની ધરપકડ કરીને રૂ.૪.૯૦ લાખનો મુદામાલ કબજે કર્યો છે.મસીતીયાથી કનસુમરા રોડ ડાયનામીક ફેકટરીની સામે આવેલ એપલ ઈન્ડસ્ટ્રીયલ-૪માં ચાલતી સાઈટની કન્ટેઈનર ઓફીસ બનાવવામાં આવી હતી.

જેમાં ગત તા.૨૮ના રાત્રીના સમયે કોઈ અજાણ્યા શખસો કન્ટેઈનર ઓફીસનો લોક તોડીને અંદર ઘુસ્યા હતાં.કન્ટેઈનર ઓફીસમાંથી એસી રૂ.૩૦ હજારની કિંમતનું તેમજ કલરની ૭ ડોલ , રૂ.૨૧ હજારની કિમતની તેમજ ઈલેક્ટ્રીક પાવર સપ્લાય ખેચવાનો કાળા કલરનો કેબલ ૩૦૦ મીટર રૂ.૯ હજારની કિંમતનો મળીને કુલ રૂ.૮૦ હજારના મુદામાલની ચોરી કરી ગયા હતાં.

જે અંગેની કંપનીમાં નોકરી કરતા બીપીન દામજીભાઈ ચોવટીયાએ પંચકોશી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.જે ફરિયાદના ગણતરીની કલાકોમાં જ પોલીસે ભેદ ઉકેલી નાંખ્યો છે.ચોરીના મુદામાલની વેંચવાની પેરવી કરતા ઈમરાન ગફારભાઈ ખફી અને હશન બોદુભાઈ બુધાણીને ઝડપી લઈને ચોરીનો મુદામાલ તેમજ કાર મળીને કુલ રૂ.૪.૬૦ લાખનો મુદામાલ કબજે કર્યો છે.

# જામનગર જિલ્લામાં પણ મનરેગા યોજના હેઠળ થયેલા કામોમાં મોટાપાયે ભ્રષ્ટાચાર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ગુજરાતના અન્ય જિલ્લામાં મનરેગા યોજનામાં વ્યાપક ભ્રષ્ટાચારના ભાંડા ફૂટ્યા છે, ત્યારે જામનગર જિલ્લામાં પણ મનરેગા યોજના હેઠળ થયેલા કામોમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોવાનો ગંભીર આક્ષેપ કરી આમઆદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ વશરામભાઈ રાઠોડે વિજિલન્સ તપાસની માંગણી કરી છે.ગુજરાતના મુખ્યમંત્રી સહિત ઉચ્ચકક્ષાએ પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર ભારત સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારના ગરીબ પરિવારોને રોજીરોટી મળી રહે તે માટે મનરેગાની કલ્યાણકારી યોજના અમલમાં છે. પરંતુ હાલના સમયમાં ગુજરાત રાજ્યમાં મનરેગા યોજનામાં વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચારની વ્યાપક ફરિયાદો ઉઠી છે. તેમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયાના પુરાવા પણ મળ્યા છે અને ઘણાં બધા લોકોની ધરપકડ પણ કરવામાં આવી છે.

જામનગર જિલ્લામાં પણ મનરેગા યોજના હેઠળ થતા કામોમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયાની જાણકારી મળેલ છે.વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૪-૨૫ સુધી જામનગર જિલ્લામાં મનરેગા યોજના હેઠળ થયેલા તમામ કામોની વિજિલન્સ તપાસ કરવામાં આવે અને આવા ભ્રષ્ટાચારમાં જે કોઈ અધિકારીઓ, વહીવટીદારો, કે એજન્સીના કોન્ટ્રાકટરો અથવા તેમના મળતીયાઓ સામેલ હોય, તેમની સામે ભારતીય ન્યાય સંહિતા મુજબ ફરિયાદ કરવામાં આવે તેવી માંગણી છે. જો યોગ્ય તપાસ કરવામાં ન આવી તો આવનારા સમયમાં જનતાને સાથે રાખી ક્રાંતિકારી આંદોલનરૂપી ક્રાંતિ કરવામાં આવશે તેવી ચીમકી આપવામાં આવી છે.

# પોકસોના આરોપીને કોર્ટમાં હાજર થવા તથા ભાળ આપવા અંગે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટના પોકસોના ગુનાના આરોપી મોહીનભાઈ ઉર્ફે જાવેદ મોહમંદભાઈ ભાયાણી, રહે. દૂધની ડેરી ત્રણ માળીયા કવાર્ટર નં ૩, રાજકોટવાળાને કોર્ટમાં હાજર ન રહેતા હોય કોર્ટમાં હાજર રહેવા ન્યાયાધીશ પી.જે.તમાકુવાલાએ જાહેરનામા દ્વારા ફરમાન કરેલ છે, આરોપી અંગે જાણકારી મળ્યે મો. ને ૬૩૫૯-૬-૨૯૮૭૧ તથા મો. નં. ૯૭૨૭૭ ૫૭૫૮૭ ઉપર થોરાળા પોલીસ સ્ટેશનના, એ.એસ.આઈ. એચ. એમ. ઝાલા ને જાણ કરવી

# ચર્ચાસ્પદ યુ ટ્યુબર બન્ની ગજેરાને પાસા હેઠળ વડોદરા જેલમાં ધકેલાયો

## બન્ની સામે ખંડણી, બદનક્ષી સહિતના અનેક આરોપો



**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ નાં જાહેર જીવન નાં આગેવાનો નો તથા તેમના પરિવાર ની મહીલાઓ વિષે અભદ્ર ટીપ્પણીઓ ને વિડીયો વાયરલ કરનાર જે તે સમયે 'ઉપાડે' આવેલા ચર્ચાસ્પદ યુટુબર બન્ની ગજેરાની રૂરલ એલસીબીએ પાસા હેઠળ અટકાયત કરી વડોદરા મધ્યસ્થ જેલ ધકેલી દિધા છે.

બન્ની ગજેરાએ ગોંડલ નાં પુર્વ ધારાસભ્ય જયરાજસિહ જાડેજા તેના પુત્ર ગણેશભાઈ ઉપરાંત જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા વિષે અભદ્ર ટિપ્પણીઓ સાથે વિડીયો વાયરલ કર્યા હતા.ગોંડલ તાલુકા ભાજપ પ્રમુખ અશિવનભાઈ ઠુંમર તથા ઉપપ્રમુખ વિશાલભાઈ ખુંટ સામે મિત્ર ની પત્નિ સાથે અનૈતિક સંબંધ નાં આક્ષેપ સાથે વિડીયો વાયરલ કર્યા હતા.જેતપુર નાં સાડીનાં કારખાનેદાર અતુલભાઈ માવાણી પાસેથી વિડીયો વાયરલ બંધ કરવા રૂ.૧૧ લાખની ખંડણી માંગી હતી.

બન્ની સામે ગોંડલ તાલુકા, સીટી પોલીસ સ્ટેશન ઉપરાંત સુલતાનપુર પોલીસ સ્ટેશન તથા જેતપુર પોલીસ માં આ અંગે અલગ અલગ ગુન્હા નોંધાયા હતા.વધુમાં ઉપલેટા પોલીસ માં એટ્રોસિટી અંગે ફરિયાદ થઈ હતી. પોલીસે ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ પ્રતિબંધક અધિનિયમ ૧૯૮૫ પાસા હેઠળ ની દરખાસ્ત જીલ્લા કલેકટર ઓમપ્રકાશ ને મોકલતા તેમના દ્વારા દરખાસ્ત મંજુર કરાતા બન્ની ગોરધનભાઈ ગજેરા રહે.મોટા ગુંદાળા તા.જેતપુર ને એલસીબી પીઆઈ ઓડેદરા નાં માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ગોહિલ તથા ટીમે જડપી લઇ વડોદરા મધ્યસ્થ જેલ હવાલે કર્યો હતો.

# ભરાડ સ્કૂલને સંરક્ષણ મંત્રાલય દ્વારા રાજકોટ જિલ્લાની સૌ પ્રથમ સૈનિક સ્કૂલની મંજૂરી

## સાયન્સ અને ટેકનેલોજીના શિક્ષણ માં અવિરત છ દાયકાથી વિશિષ્ટ કાર્ય કરનારા ગિજુભાઈ ભરાડ અને તેમની ત્રણ પેઢી જોડાયેલ છે




તસવીર : આનંદ જાવીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સમગ્ર સૌરાષ્ટ્રના વિદ્યાજગતની આધારશીલા સમાન તથા સૌરાષ્ટ્રના હજારો વિદ્યાર્થીઓના ગણિત-વિજ્ઞાનના આદ્યગુરુ શ્રી ગિજુભાઈ ભરાડનું સદાય એ સ્વપન રહ્યું છે કે રાજકોટમાં એક સૈનિક સ્કૂલ હોવી જોઈએ. ભરાડ સ્કુલ્સ અને સંકુલોના વર્તમાન સંચાલક સ્વરૂપે જતીનભાઈ ભરાડે ભરાડ સાહેબના આ સ્વપનને સાકાર કરી રાજકોટ માટે સૈનિક સ્કૂલની કેન્દ્રીય મંજુરી મેળવીને હકીકતમાં સમગ્ર સૌરાષ્ટ્રના વાલીઓ અને વિદ્યાર્થીઓનું સ્વપન સાકાર કર્યું છે.

આ અંગે આજે ભરાડ સ્કૂલ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદને સંબોધતા સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી જતીનભાઈ ભરાડે કહ્યું કે ભરાડ વિશ્વ વિદ્યાપીઠ કેમ્પસને સંરક્ષણ મંત્રાલય, ભારત સરકાર અંતર્ગતની સૈનિક સ્કૂલ સોસાયટીની વિધિવત મંજૂરી મળી જતાં ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ થી સમગ્ર સૌરાષ્ટ્રના મુકુટમાં વધુ એક મોરપિચ્છ જેમ ગૌરવ ધરાવતી સૈનિક શાળાનો શુભારંભ થશે.

ભારત સરકારે દેશમાં એક સો સૈનિક સ્કૂલને મંજુરી આપવાની છે. જેમાં ગુજરાતમાં સાત મંજૂર થઈ છે, તેમાં સૌરાષ્ટ્રમાં ત્રણ સ્કૂલ છે. અને તેમાંથી રાજકોટ જિલ્લા ની એકમાત્ર સૈનિક સ્કુલ એટલે કે આપણને ભરાડ સ્કૂલને મળી છે.

એક પ્રશ્નના જવાબમાં જતીનભાઈ ભરાડે જણાવ્યું કે ભરાડ સૈનિક સ્કૂલમાં એડમિશન પ્રક્રિયા અખિલ ભારતીય સૈનિક શાળા પ્રવેશ પરીક્ષા (AISSEE) દ્વારા હાથ ધરવામાં આવશે. તેમણે કહ્યું કે અમારી શાળાઓમાંથી આજ સુધી હજારો ડોક્ટરો અને એન્જિનિયરો પ્રગટ થયા છે. ઉપરાંત લાખોની સંખ્યામાં એડવોકેટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, આર્કિટેકટ તથા મેનેજર કક્ષાના પ્રોફેશનલ્સ પણ તૈયાર થયા છે એ સૌની ઉજવળ કારકિર્દી અને મૂલ્ય નિષ્ઠ જીવનની બુનિયાદ ભરાડ સ્કૂલો કરી રહી છે. અમારી આ વિદ્યાયાત્રામાં હવે આપણા રાષ્ટ્રના ભાવિ સંરક્ષકોની પાઠશાળા દ્વારા તેઓનામાં માતૃભૂમિની સેવા માટેના ઉચ્ચ સંસ્કારો પ્રદિપ્ત કરવા એ અમારે માટે પરમ ગૌરવની ક્ષણ છે. આમ પણ શરૂઆતથી જ રાષ્ટ્રપ્રેમ એ ભરાડ શાળાઓના સંસ્કારનો એક ભાગ રહ્યો છે. આ પ્રસંગે સંસ્થાના વડ ગિજુભાઈ ભરાડ પત્રકારો સાથે સૈનિક સ્કૂલની વિભાવના સ્પષ્ટ કરતા કહ્યું કે સૈનિક સ્કૂલ માત્ર મિલ્ટ્રી, એરફોર્સ કે નેવી માં જવા માટે જ નથી. સૈનિક સ્કૂલના વિદ્યાર્થીઓ ઘરમાં, સમાજમાં, વ્યવસાયમાં એમ બધે શિસ્તબદ્ધ રીતે પ્રસ્તુત થાય છે.

# રાજ્યમાં ૧૫ ડેમ છલકાયા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે. અમુક વિસ્તારો હજી પણ વરસાદના કારણે પ્રભાવિત છે. તારીખ ૧લી થી ૨જી જુલાઈ, ૨૦૨૫ દરમિયાન ગુજરાતના વિવિધ વિસ્તારોમાં મધ્યમથી ઓછો વરસાદ નોંધાયો છે. ગુજરાતમાં કુલ સરેરાશ ૩.૨૯ મિમી વરસાદ નોંધાયો છે. જ્યારે આજ સુધીનો સીઝનલ સરેરાશ ૩૦૬.૩૯ મિમી વરસાદ થયો છે, જે ૩૪.૭૪% થાય છે. વિસ્તાર પ્રમાણે વરસાદી આંકડાની વાત કરાવમાં આવે તો, હવામાન વિભાગ દ્વારા તારીખ ૧ જુલાઈને ૨ જુલાઈના આંકડા શેર કરવામાં આવ્યાં છે. દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ સરેરાશ ૧૧.૮૦ મિમી વરસાદ નોંધાયો છે.

# કોઠારિયામાં પિતાના ઘરે રિસામણે બેઠેલી પરિણીતાનો આપઘાતનો પ્રયાસ

## તને કામ આવડતુ નથી તેવા સાસુ-જેઠાણીના મહેણાથી ઝેરી પાવડર પી લીધાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં મોરબી રોડ ઉપર ઓમનગરમાં સાસરિયુ ધરાવતી અને હાલ કોઠારિયામાં માતા-પિતાના ઘરે રિસામણે આવેલી પરણીતાએ તને કામ નથી આવડતુ તેવા સાસુ-જેઠાણીના મેણા-ટોણાથી રેસકોર્સ ગાર્ડનમાં ઝેરી પાવડર પી લીધો હતો. પરણીતાને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવી હતી. આ અંગે ની જાણવા મળથી વિગત મુજબ શહેરમાં મોરબી રોડ ઉપર ઓમનગરમાં સાસરિયુ ધરાવતી અને હાલ કોઠારિયામાં માતા-પિતાના ઘરે રિસામણે આવેલી નૈયનાબેન બિપીનભાઈ ચાવડા નામની ૨૫ વર્ષની પરણીતા સાંજના છ વાગ્યના અરસામાં રેસકોર્સ ગાર્ડનમાં હતી ત્યારે ઝેરી પાઉડર પી લીધો હતો પરણીતાને ઝેરી અસર થતાં તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. પ્રાથમિક પુછપરછમાં નૈયનાબેન ચાવડાના એકાદ વર્ષ પહેલા બિપીન ચાવડા સાથે લગ્ન થયાં હતાં. પતિ બિપીન ચાવડા કરિયાણાની દુકાનમાં નોકરી કરી છે. નૈયનાબેન ચાવડા છેલ્લા છ મહિનાથી કોઠારિયા રહેતા માતા-પિતાના ઘરે રિસામણે આવી છે. લગ્ન કર્યા હતા ત્યારે નૈયનાબેન ચાવડાને નોકરી કરવા દેવાની બોલી કરી હતી. પરંતુ હાલ નોકરી કરવા દેતા ન હોવાથી અને સાસુ-જેઠાણી તને કામ આવડતુ નથી તેવા મેણા ટોણા મારતા હોવાથી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે પ્ર.નગર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# શ્રી આપાગીગાના ઓટલે (ચોટીલા) ખાતે ભવ્યાતિ ભવ્ય દિવ્યાતિ દિવ્ય ગુરૂપૂર્ણિમા મહોત્સવ ઉજવાશે

## આરતી, વિશીષ્ટ મહાપ્રસાદ, સંતો માટે ભોજન મહાપ્રસાદ(ભંડારો)ની વ્યવસ્થા તેમજ ભેટપુજા પણ અપાશેઃ સમગ્ર ભાવિકજનોને ગુરૂપૂર્ણીમાનો લાભ લેવા માટે નરેન્દ્રબાપુનું જાહેર નિમંત્રણ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સમગ્ર ગુજરાતમાં છેલ્લા એક દસકાથી પણ વધારે સમગ્ર સમાજના લોકો માટે ખુબ જ દર્શનીય સંસ્થાનોમાં અતિ સુપ્રસિધ્ધ બનેલા શ્રી આપાગીગાના ઓટલો, મોલડી ગામના વળાંક પાસે, ચોટીલા-રાજકોટ હાઈવે ખાતે તા. ૧૦-૦૭-૨૦૨૫ ગુરૂવારના રોજ દર વર્ષની પરંપરાઓ મુજબ આ વર્ષે પણ ખુબજ ધામધુમ પૂર્વક દિવ્યાતિ દિવ્ય અને ભવ્યાતિ ભવ્ય રીતે ગુરૂપૂર્ણિમા મહોત્સવ ઉજવવામાં આવશે. જેમાં સદ્‌ગુરૂદેવ શ્રી જીવરાજબાપુ ગુરૂશ્રી શામજીબાપુ તેમજ પરમ પૂજનીય શ્રી શામજીબાપુ ગુરૂશ્રી લક્ષ્મણબાપુની પ્રતિમાઓનું વિદ્વાન બ્રહ્મદેવો દ્વારા દરેક સાધુ સંતો તેમજ સેવકોને વિદ્વાન બ્રહ્મદેવો દ્વારા અલગ અલગ રીતે પૂજન કરાવવામાં આવશે. તેમજ પૂજન-અર્ચન સહીતના વિશેષ કાર્યક્રમો કરવામાં આવેલ છે.

સમગ્ર દેશની અંદર ખુબજ આદર સહીતનું ધામ એટલે કે સતાધારધામ અને સતાધારધામના સંત બ્રહ્મલીન પરમ પૂજય સદ્‌ગુરૂદેવ શ્રી જીવરાજબાપુ ગુરૂશ્રી શામજીબાપુના પ્રિતિપાત્ર તેમજ અનન્ય શિષ્ય એવા શ્રી આપાગીગાના ઓટલાના મહંતશ્રી નરેન્દ્રબાપુ ગુરૂશ્રી જીવરાજબાપુ (નરેન્દ્રભાઇ સોલંકી) દ્વારા જણાવવામાં આવે છે કે ગુરૂપૂર્ણિમાનું પાવનપર્વ જયારે નજીક આવી રહયુ છે ત્યારે પરમ પૂજય શ્રી જીવરાજબાપુ ગુરૂશ્રી શામજીબાપુના સમગ્ર શિષ્ય સમુદાય તેમજ સેવકો અને ભાવીકોજનોમાં ખુબજ હરખની હેલી હોય છે. કારણ કે સમગ્ર વર્ષ દરમ્યાન લોકો ગુરૂપૂર્ણીમાની ખુબજ આતુરતા પૂર્વક રાહ જોતા હોય છે ત્યારે આ સમગ્ર સૃષ્ટી માનવતાનું મનોહર મંદિર તો છે જ ત્યારે પ્રત્યેક માનવ આ મંગલ મંદિરનો યાત્રીક પણ છે. પરમપીતા પરમાત્મા તેમજ માં ભગવતી દ્વારા પ્રેરણાનો સ્ત્રોત આપવામાં આવે છે. ભકિતથી પ્રીતનું શુભત્વ જાગે છે, સત્સંગથી માનવ જીવનયાત્રા સરળ બને છે. સત એટલે બ્રહ્મ, બ્રહ્મનો સંગ એટલે જ સત્સંગ. સત્સંગમાં જો સંત સંગ ભળે તો જીવન ખુબજ ધન્ય બની શકે છે. શ્રી આપાગીગાના ઓટલે ગુરૂપૂર્ણિમાના પવિત્ર દિવસે સંતો-મહંતોની હાજરીમાં ભકિત/ભોજન તેમજ ભકિતની શકિતનો ત્રિવેણી સંગમ યોગ થશે. ગુરૂપૂર્ણિમા ચાર વેદોના રચયીતા પરમ પૂજયનીય વ્યાસજીનો જન્મદિન હોવાથી વ્યાસપૂર્ણિમા તરીકે પણ ઓળખવામાં આવે છે.

પરમ પૂજનીય સદ્‌ગુરૂદેવશ્રી જીવરાજબાપુ ગુરૂશ્રી શામજીબાપુના પૂણ્ય સંત સ્મરણો દ્વારા શ્રી નરેન્દ્રબાપુ ગુરૂશ્રી જીવરાજબાપુ જણાવે છે કે શ્રી શિષ્યના અંતરના ઓરડામાં સદ્‌ગુરૂદેવ ઓજસના અજવાળા પાથરે છે. શિષ્યને ગાઢ અંધકાર તરફથી દિવ્ય ઉજાસ તરફ લઇ જવાનું સદ્‌ગુરૂદેવશ્રી દ્વારા દિવાદાંડીનું કામ કરવામાં આવે છે. સમગ્ર ભારતના શાસ્ત્રોએ સદ્‌ગુરૂને પણ દેવ માનવાના ઉપદેશો આપ્યા છે. રામાયણ હોય, મહાભારત હોય કે આ કળીકાળયુગમાં પણ અનેક રાજવીઓએ પણ પોતાના સદ્‌ગુરૂશ્રીઓ પાસેથી શાસ્ત્ર અને શસ્ત્રનું ઉત્તમ પ્રકારના જ્ઞાનો મેળવ્યા છે. ત્યારે સામાજીક, રાજકીય, ધાર્મીક તેમજ દરેક પ્રકારના લોકો દ્વારા કોઇને કોઇ પણ રીતે પોતાના ધારેલા સત્‌ગુરૂશ્રીઓને માનતા હોય છે. સત્‌ગુરૂ તો જીવનની દરેક ક્ષણમાં હર હંમેશા સંપૂર્ણ વંદનીય જ હોય છે પરંતુ ગુરૂપૂર્ણીમા એ સદ્‌ગુરૂદેવના સવિશેષ પણે ગુણગાન ગાવા માટેનો એક ખુબજ મોટો અવસર છે.

અષાઢ સુદ પૂનમ તા. ૧૦-૦૭-૨૦૨૫ ગુરૂવારે શ્રી આપાગીગાના ઓટલે સવારે ૧૧-૧૫ (સવા અગીયાર) કલાકે આવેલ સંતો-મહંતો તેમજ ભકતજનોની હાજરીમાં પરમ પૂજય સદ્‌ગુરૂદેવ શ્રી જીવરાજબાપુ ગુરૂશ્રી શામજીબાપુની પ્રતિમાનું સમગ્ર સાધુ સંતો, તેમજ ભકતો દ્વારા પૂજન કરી આરતી કરવામાં આવશે. સમગ્ર ભકતજનોને સંતોના દર્શન,વાણી અને આશીર્વાદનો લાભ મળશે. વિદ્વાન બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોકતવિધી તેમજ મંત્રોચારથી સમગ્ર ભકતજનોને પણ પરમ પૂજય શ્રી જીવરાજબાપુ ગુરૂશ્રી શામજીબાપુ તેમજ શ્રી શામજીબાપુ ગુરૂશ્રી લક્ષ્મણબાપુના પૂજન તેમજ અર્ચન કરવાનો વ્યકિતગત ધોરણે અવસર મળશે તેનાથી સોનામાં સુગંધ ભળશે. ત્યારબાદ સમગ્ર સાધુ સમાજ તેમજ આવેલ સમગ્ર ભકતગણ માટે બપોરે બે મિષ્ઠાન, ફરસાણ, દાળ, ભાત, બે શાક સાથેનો વિશેષ મહાપ્રસાદ (ભોજન) આપવામાં આવશે. સર્વે ભાવિકજનોને માતાઓ, બહેનો, ભાઇઓ, યુવાનો તેમજ સમગ્ર સમાજના લોકોને ગુરૂપૂર્ણીમા મહોત્સવનો લાભ લઇ અને આધ્યાત્મીક જીવનમાં આગળ વધવા માટેનું શ્રી નરેન્દ્રબાપુ ગુરૂશ્રી જીવરાજબાપુ (નરેન્દ્રભાઇ સોલંકી)નું ભાવભર્યુ જાહેર નિમંત્રણ છે. શ્રી આપાગીગાના ઓટલો છેલ્લા ૧૩ વર્ષ થયાં કાયમ માટે એટલે કે ૨૪ કલાક કોઇપણ જાતના ભેદવભાવ વગર સૌ ભવીકજનો તેમજ યાત્રાળુઓ માટે મહાપ્રસાદ અને વિશ્રામ (ઉતારા) ની વ્યવસ્થાઓ અવીરત પણે ચાલી રહી છે. આ સેવા યજ્ઞ છેલ્લા ૧૨ વર્ષથી વધુ સમયની આ સેવાયજ્ઞ નિરંતર ચાલી રહયા છે.

વૃક્ષો એટલે કે પ્રકૃતિના ભવ્ય ભાલ પરથી સૌભાગ્યબિંદી, વૃક્ષો એ સમગ્ર પ્રકૃતિના પુરવઠા પ્રધાનો છે. વૃક્ષોની શિતળ છાયામાં સમગ્ર ત્રૃષિમુનીઓ દ્વારા જ્ઞાનના તેજપૂંજ જેવા ગ્રંથો લખવામાં આવ્યા છે. સમગ્ર ભારતીય સંસ્કૃતિએ હંમેશા વૃક્ષોના મહીમાનું અમરગાન કર્યુ છે. વ્યાપક વૃક્ષારોપણ હાલના વર્તમાન સમયની મોટામાં મોટી માંગ છે. વૃક્ષો દ્વારા સમગ્ર જીવસૃષ્ટિ માટેનું જીવન સ્ત્રોત સમાન છે. હાલમાં જ ગયેલા કોરોના મહામારીમાં આપણને સૌને ઓકસીજનની કિંમત સમજાઇ ગયેલ છે અને ઓકસીજન સમગ્ર વૃક્ષોમાંથી ઉત્પન્ન થાય છે અને સમગ્ર આદીવાસી સમાજ પણ સમગ્ર કુદરતી સંપતિઓને ભગવાન તરીકે જ પૂજન કરતા હોય છે. ત્યારે આપણે પણ ગુરૂપૂર્ણીમા મહોત્સવની સાથે સાથે ''શ્રી આપાગીગા ઓટલા''ના સંકુલમાં સંતો, ભકતો વિગેરે લોકોના હસ્તે વિવિધ પ્રકારનું વૃક્ષારોપણ કરવામાં આવશે.

# રાજકોટ મહાનગરપાલિકાની આંગણવાડીઓમાં "સુપોષણ સંવાદ"ની ઉજવણી કરવામાં આવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા સુપોષિત ભારતના સ્વપનને સાકાર કરવા માટે ગુજરાત સરકાર દ્વારા જન આંદોલનના ભાગરૂપે જન સમુદાયની સહભાગીતાને મહત્વઆપવા માટે દર મહિનાના પહેલા મંગળવારે "સુપોષણ સંવાદ" તરીકે ઉજવવામાં આવે છે. ગર્ભધારણથી બાળકના બીજા જન્મદિવસ સુધીના પ્રથમ હજાર દિવસ આજીવન સ્વાસ્થ્ય અને વિકાસનો પાયો નાખવા માટે મહત્વપૂર્ણ છે.

મ્યુનિસિપલ કમિશનરશ્રી તુષાર સુમેરા, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર મનીષ ગુરવાની, આઈ.સી.ડી.એસ. વિભાગના ચેરમેનશ્રી દિલીપભાઈ લુણાગરિયા તેમજ પ્રોગ્રામ ઓફિસર શારદાબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ તારીખ૦૧-૦૭-૨૦૨૫ના રોજ નવનીત હોલ ખાતે "સુપોષણ સંવાદ"ની ઉજવણી કરવામાં આવી.

આ કાર્યક્રમમાં પ્રોગ્રામ ઓફિસર શારદાબેન દેસાઈ દ્વારા સગર્ભા બહેનોને ગુજરાત સરકાર તરફથી મળતા માતૃ શક્તિ ના પેકેટનો ખોરાક માં ઉપયોગીતા વીષે પૂરતી સમાજ, માતાને પોષણની જરૂરિયાત, ખોરાકમાં વૈવિધ્યતા, સ્વચ્છતા, નિયમિત તપાસ,-કેલ્શિયમનીગોળીની ઉપયોગીતા અને તેમનું મહત્વ, આરામ, માનસિકતાણમાં ઘટાડો જેવી દરેક બાબત પર કાઉન્સેલિંગ કરવામાં આવેલ.

સુપોષણ સંવાદની ઉજવણીમાં ૧૯ બહેનોની ગોદ ભરાઈની રસમ કરીને પોષણ કીટ આપવામાં આવેલ છે. ટી.એચ.આર.માંથી બનતી વાનગીનું નિદર્શન પણ ગોઠવવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં પૂર્વ શાસક પક્ષના નેતા વિનુભાઈ ધવા, વોર્ડ નંબર-૧૭ના કોર્પોરેટર કિર્તીબા રાણા, રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખ કિસાન મોરચો વિઠ્ઠલભાઈ, ટીમ, પ્રોગ્રામ ઓફિસર શારદાબેન દેસાઈ તેમજ તેમની ટીમ, બાળ વિકાસ યોજના અધિકારી પૂજાબેન જોષી તેમજ મુખ્ય સેવીકા પટેલ કૃપાબેન તેમજ તેમની ટીમ, આંગણવાડી કાર્યકર, સગર્ભા બહેનો ધાત્રીમાતાઓ, વાલીઓ તેમજ બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

# ધર્મવીર મીણાએ પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર તરીકેનો વધારાનો કાર્યભાર સંભાળ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મધ્ય રેલ્વેના મહાપ્રબંધક શ્રી ધર્મ વીર મીણાએ મંગળવાર, ૧ જુલાઈ, ૨૦૨૫ ના પશ્ચિમ રેલ્વેના મહાપ્રબંધક તરીકેની જવાબદારી સંભાળી હતી.

શ્રી ધર્મ વીર મીણા ભારતીય રેલ્વે સેવા સિગ્નલ એન્જિનિયર્સ સેવા (IRSSE) ના ૧૯૮૮ બેચના અધિકારી છે. તેમણે ૧૯૮૮માં જોધપુરની એમ.બી.એમ. એન્જિનિયરિંગ કોલેજ, જોધપુર માંથી ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશનમાં બી.ઈ. ડિગ્રી મેળવી અને કાયદામાં માસ્ટર્સ ડિગ્રી પણ મેળવી. તેઓ માર્ચ, ૧૯૯૦ માં રેલ્વેમાં જોડાયા અને દક્ષિણ પૂર્વીય રેલ્વે, પશ્ચિમ રેલ્વે, પશ્ચિમ મધ્ય રેલ્વે અને મધ્ય રેલ્વેમાં ક્ષેત્રમાં અને મુખ્યાલય બંનેમાં વિવિધ ભૂમિકાઓ ભજવી છે. તમારા કાર્યકાળની ખાસ વાત એ છે કે સિગ્નલિંગ પ્રોજેક્ટ્સ અને વિવિધ મલ્ટીટ્રેકિંગ પ્રોજેક્ટ્સ, સલામતી કાર્યો સંબંધિત સિગ્નલિંગ કાર્યોને રેકોર્ડ સમયમાં પૂર્ણ કર્યા છે.

મીણાએ ૧૯૯૨ માં દક્ષિણ પૂર્વ રેલ્વેમાં તેમની કારકિર્દીની શરૂઆત શહડોલમાં સહાયક સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર તરીકે પડકારજનક ભૂમિકાઓથી કરી હતી અને ૧૯૯૮ સુધી બિલાસપુરમાં ડિવિઝનલ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર અને ખુર્દા રોડ પર સિનિયર ડિવિઝનલ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર તરીકે કામ કર્યું હતું. ત્યારબાદ, પશ્ચિમ રેલ્વેમાં તેમણે સિસ્ટમ્સની એકંદર વિશ્વસનીયતામાં સુધારો, સિગ્નલિંગ ઈન્સ્ટોલેશન, સિગ્નલિંગ કામો, રેકોર્ડ મલ્ટીટ્રેકિંગ પ્રોજેક્ટ્સ સહિત વિવિધ ક્ષમતાઓમાં કામ કર્યું. (વિરમગામ જંકશન-સામખ્યપાલી જંકશન અને સુરેન્દ્રનગર-રાજકોટ, અમદાવાદ-મહેસાણા જંકશનના ડબલીંગ-કમ-ગેજ રૂપાંતરણ શામેલ છે.) તેમના અથાક પ્રયાસોના પરિણામે દર અઠવાડિયે એક કરતાં વધુ ઈન્સ્ટોલેશન કાર્યરત થયા. ગતિશીલતા, નવીન પદ્ધતિઓ અને ભવિષ્યવાદી તકનીકોને અપનાવીને થ્રુપુટ વૃદ્ધિ કાર્ય તેમના કાર્યકાળની વ્યાખ્યાયિત લાક્ષણિકતાઓ હતી. અમદાવાદ ડિવિઝનના વડનગર અને વિસનગર વચ્ચેના પ્રથમ એમ્બેડેડ બ્લોકને પૂર્ણ કરવામાં તમારી મહત્વપૂર્ણ ભૂમિકા હતી. તમે ૨૦૨૦ માં ભારતીય રેલ્વે સિગ્નલ એન્જિનિયરિંગ મેન્યુઅલ (IRSEM) સમીક્ષા સમિતિના સભ્ય તરીકે પણ સેવા આપી છે.

પશ્ચિમ મધ્ય રેલ્વેના પ્રિન્સિપલ ચીફ સિગ્નલિંગ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર (PCSTE) તરીકે, તેમણે ૯૯૪ રૂટના ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ (EI) ન્યૂ કટની જંકશન (NKJ) ના મેગા યાર્ડ), ઓટોમેટિક સિગ્નલિંગ (SBS), લેવલ ક્રોસિંગ (LC) ઈન્ટરલોકિંગ કામો, યાંત્રિક સિગ્નલિંગ વગેરેને દૂર કરવા સહિત મથુરા જંક્શનથી નાગદા જંક્શન સુધી ૫૪૮ કિમી સુધી સફળતાપૂર્વક બખ્તરકામ સ્થાપિત કર્યું. તમે માનનીય રેલ્વે મંત્રીના નિર્દેશન મુજબ રચાયેલા 'કવચ વર્કિંગ ગ્રુપ'નું પણ નેતૃત્વ કર્યું હતું. જેમાં ભારતીય રેલ્વે માં કવચ ના શીઘ્ર કાર્યાન્વયન માટે અનુભવ સાજા કરવા અને સહયોગ માટે કવચ ને લાગૂ કરવામાં આપણી પ્રમુખ પહેલુઓપર વિચાર કરવામાં આવ્યું.



ત્યારબાદ, મધ્ય રેલ્વેમાં પ્રિન્સિપલ ચીફ સિગ્નલિંગ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર તરીકેના તમારા કાર્યકાળ દરમિયાન, તમે ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ પર કામ કર્યું. CSMT (છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ સહિત), ઓટોમેટિક બ્લોક સિગ્નલિંગ (SBS), એક્સલ કાઉન્ટર્સ (BPAC) દ્વારા બ્લોક પ્રોવિંગ, ગતિ વધારવી, મલ્ટીટ્રેકિંગ પ્રોજેક્ટ્સ, ઓપરેશનલ અવરોધો દૂર કરવા, લેવલ ક્રોસિંગ ઈન્ટરલોકિંગ અને ક્લોઝર વર્ક્સ અને થ્રુપુટ વૃદ્ધિના કામો સહિત રેકોર્ડ ૮૮ સિગ્નલિંગ અને સંબંધિત સ્થાપનો ૧૨૬ દિવસમાં ગતિશીલતા પૂર્ણ થયા. તમારા નેતૃત્વમાં મધ્ય રેલ્વે કવચ લાગુ કરનાર પ્રથમ રેલ્વે બન્યું છે, જેનો અમલ સમગ્ર ઝોનલ નેટવર્ક માટે ઝડપી ગતિએ ચાલી રહ્યો છે, જે ભારતીય રેલ્વેમાં પ્રથમ છે. તેમના કાર્યકાળ દરમિયાન ડબલિંગ, મલ્ટીટ્રેકિંગ અને ક્ષમતા વૃદ્ધિમાં અત્યાર સુધીની શ્રેષ્ઠ પ્રગતિ પ્રાપ્ત થઈ છે. મધ્ય રેલ્વેના મુખ્ય યાડ્ર્સમાં ટ્રાફિક ભીડ ઘટાડવા, ગતિશીલતા વધારવા, વધારાની/નવી ટ્રેનો શરૂ કરવા વગેરે માટે વિવિધ કાર્યોનું આયોજન અને અમલીકરણ સૌથી ઝડપી ગતિએ ચાલી રહ્યું છે.

તમારા વિવિધ કાર્યકાળ દરમિયાન, તમે વધુ સારી માહિતી પ્રસારિત કરીને મુસાફરોની સુવિધામાં સુધારો કરવા અને વધારવા માટે મુસાફરોની સુવિધાના કાર્યોનો અમલ સુનિશ્ચિત કર્યો છે.

૨૦૦૯ થી ૨૦૧૪ સુધી પશ્ચિમ રેલ્વેમાં ડેપ્યુટી ચીફ વિજિલન્સ ઓફિસર તરીકે, તમે સંસ્થાની અખંડિતતા, અખંડિતતાનું રક્ષણ કર્યું છે, પારદર્શિતા અને ઉત્પાદકતા વધારવા માટે સુધારાત્મક અને રચનાત્મક સાધન તરીકે તકેદારીનો ઉપયોગ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી અને તકેદારી સિસ્ટમ સોફ્ટવેર (VSS) અમલમાં મૂક્યું. આ પ્રયાસોની પ્રશંસામાં, તમને વર્ષ ૨૦૧૩ માં માનનીય રેલ્વે મંત્રી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

મીણાએ INSEAD, સિંગાપોર અને ICLIF, મલેશિયા ખાતે એડવાન્સ્ડ મેનેજમેન્ટ ટ્રેનિંગ પ્રોગ્રામ્સ અને ISB, હૈદરાબાદ ખાતે સ્ટ્રેટેજિક મેનેજમેન્ટ વર્કશોપમાં ભાગ લીધો છે.

આ યોગદાન ઉચ્ચ સલામતી ધોરણો અને અદ્યતન, સ્વદેશી રીતે વિકસિત ટેકનોલોજી સિસ્ટમો સાથે પરિવહનમાં ભારતીય રેલ્વેને વૈશ્વિક નેતા તરીકે સ્થાપિત કરવાની વ્યાપક વ્યૂહરચનાનો એક ભાગ છે.

# GSFA ની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ; ચાર વર્ષથી માટે નવા પદાધિકારીઓની ચૂંટણીઓ સફળતાપૂર્વક પૂર્ણ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન (GSFA) ની વાર્ષિક સામાન્ય સભા (AGM) આજ રોજ સફળતાપૂર્વક યોજાઈ હતી, જેમાં ૨૦૨૧થી ૨૦૨૫ દરમિયાન કાર્યરત એક્ઝિક્યુટિવ કમિટીના ચાર વર્ષના કાર્યકાળનું સમાપન થયું. રાજ્યભરના જોડાયેલ જિલ્લાના ફૂટબોલ એસોસિએશનોના પ્રતિનિધિઓની સક્રિય હાજરીમાં સભા યોજાઈ.

સભાનો મુખ્ય મુખ્ય ભાગ આગામી ચાર વર્ષ (૨૦૨૫ થી ૨૦૨૯) માટેના નવા પદાધિકારીઓની લોકશાહી અને પારદર્શક રીતે યોજાયેલી ચૂંટણીઓ હતી.

મોટાભાગના પૂર્વ પદાધિકારીઓ ફરીથી ચૂંટાઈ આવ્યા છે, જેના કારણે સંગઠનમાં સ્થિરતા અને સતત માર્ગદર્શન જળવાઈ રહેશે. ૨૦૨૫-૨૦૨૯ માટે ચૂંટાયેલા પદાધિકારીઓ નીચે મુજબ છે

પ્રેસિડેન્ટ પરિમલ નથવાણી, માનદ મહાસચિવ મુળરાજસિંહ ચુડાસમા, ઉપપ્રમુખો પ્રદીપસિંહ વાઘેલા,

જીગ્નેશ પટેલ, અરુણસિંહ રાજપુત, ગુણવંતભાઈ ડેલાવાળા, સંદીપ દેસાઈ - સંયુક્ત સચિવો દિવ્યરાજસિંહ રાણા, કમલેશ સૈલોર, દીપેન પટેલ, શપથ શાહ, મોહસિન અબ્બાસી - ખજાનચી અંકિત પટેલ હાજર રહેલ.




નવી પસંદ થયેલી ટીમે ગુજરાતમાં ફૂટબોલના વિકાસ માટે તળિયા સ્તરના કાર્યક્રમો, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ખેલાડીઓ, કોચો અને રેફરીઓને દરેક સ્તરે પૂરતું સમર્થન આપવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

GSFAએ અગાઉના પદાધિકારીઓના યોગદાનને પણ બિરદાવ્યું અને તેમની નિષ્ઠાવાન સેવાઓ બદલ આભાર માન્યો.

## નાસતા ફરતા આરોપીને કોર્ટમાં હાજર થવા ફરમાન

રાજકોટના બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાના આરોપી રમેશભાઈ સિંગ કુશવાહા રહે. ગંજીવાડા મેઈન રોડ, ચામુંડા ચોક પાસે, રાજકોટ. મુળ વતન - માંજાગઢ પાણીની ટાંકી પાસે, થાના માંજાગઢ, જી. ગોપાલગંજ, બિહાર તથા જયપ્રકાશભાઈ કનૈયાપ્રસાદ ચોરસીયા તથા વિનયભાઈ શ્રીકૃષ્ણભાઈ પંડિતે આઈ.પી.સી. કલમ ૩૨૩,૩૨૪, ૫૦૪, ૧૧૪, ૧૮૮ મુજબનો સજાને પાત્ર ગુન્હો રાજકોટના બી ડીવીઝન પો.સ્ટે. ના કાર્યક્ષેત્ર/હદમાં કરેલ છે.તેઓને આઈ.પી.સી.ની કલમ ૮૨ મુજબ આરોપી ફરાર જાહેર કરેલ છે. જેથી ૧૮મા અધિક ચીફ જ્યુડી.મેજી. રાજકોટએ આ આરોપીએ ઉકત તમામ ફરિયાદનો જવાબ આપવા કોર્ટ સમક્ષ હાજર રહેવા ફરમાન કર્યું છે.

## રાજકોટ શહેરની સરકારી કચેરીઓમાં બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર પ્રતિબંધ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાએ શહેર પોલિસ કમિશ્નરેટ વિસ્તારમાં આવેલી સરકારી કચેરીઓ જેવી કે પોલીસ કમિશ્નરની કચેરી, જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી ભવનની કચેરીઓ, નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી રાજકોટ ગ્રામ્યની કચેરી, પંડિત દિનદયાળ સિવિલ હોસ્પિટલ, રાજકોટ શહેર મહાનગરપાલિકા હેઠળની કચેરીઓ, ઝોન ઓફિસો, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, પ્રાંત અધિકારીની કચેરીઓ, શહેર અને તાલુકા મામલતદારની કચેરીઓ કે જ્યાં રોજ મોટા પ્રમાણમાં જાહેરજનતા પોતાના કામ માટે આવતી હોઇ ત્યાં જનતાને ગેરમાર્ગે દોરી જનારી પ્રવૃત્તિઓ કરતા બિનઅધિકૃત ઈસમ કે ઇસમોની ટોળીના પ્રવેશ પર પ્રતિબંધો જારી કર્યા છે, જેમ તા. ૩૧/૦૮/૨૦૨૫ સુધી અમલમાં રહેશે. જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# રાજકોટ મહાનગરપાલિકાની તમામ ૩૬૪ આંગણવાડી ખાતે પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શિક્ષણની યાત્રામાં પગરવ માંડતા ભુલકાઓને સ્નેહભર પ્રવેશ આપવાનો પ્રસંગ એટલે આંગણવાડી પ્રવેશોત્સવ, તારીખ૨૬ થી ૨૮ જૂન ૨૦૨૫ દરમ્યાન રાજકોટ મહાનગરપાલિકાની આંગણવાડી ખાતે ત્રિ-દિવસીય પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી. "શિક્ષિત ગુજરાત દીક્ષિત ગુજરાત વિકસિત ગુજરાત" થીમ આધારીત પ્રવેશોત્સવ-૨૦૨૫ની ઉજવણીમાં રાજકોટ મહાનગરપાલિકાની તમામ સ્કીન તથા આંગણવાડી ખાતે રેલી, સ્લોગન દ્વારા પ્રવેશોત્સવનો પ્રચાર-પ્રસાર કરવામાં આવેલ. રીક્ષા, ગાડી જેવા વાહનો શણગારી બાળકોને ઉત્સાહપુર્વક આંગણવાડીમાં પ્રવેશ આપવામાં આવેલ. કુમકુમ, ચોખા, કંકું પગલા દ્વારા બાળકોનું સ્વાગત કરવામાં આવેલ. બાળકોને રમત ગમતની પુસ્તીકા, મારી વિકાસયાત્રા, ચિત્રપોથી વગેરે આપવામાં આવેલ. દાતાશ્રીઓ દ્વારા ૯૫૦ બાળકોને ગલ્લા(પૈસાની બચત માટે) આપવામાં આવેલ તથા ૭૦ બાળકોને શૈક્ષણિક કિટ આપવામાં આવેલ.

રાજકોટ મહાનગરપાલિકામાં આંગણવાડી પ્રવેશોત્સવ-૨૦૨૫ની ઉજવણીમાં સાંસદશ્રી પરસોત્તમભાઈ રૂપાલા, રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ તથા રમેશભાઈ ટિલાળા, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડૉ.ભરતભાઈ બોઘરા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિગ કમિટી ચેરમેન જયમીનભાઇ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, પોલિસ કમિશ્નર બ્રિજેશકુમાર ઝા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનિષભાઇ રાડિયા, આઈ. સી. ડી. એસ. વિભાગના ચેરમેન દિલીપભાઈ લુણાગરીયા, પૂર્વ મેયર અને કોર્પોરેટર પ્રદિપ ડવ, પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠિયા, નાયબ મ્યુનિસિપલ કમિશનર મનીષ ગુરવાની, વોર્ડના કોર્પોરેટરશ્રીઓ, પૂર્વ મહામંત્રી રાજકોટ શહેર ભાજપ વગેરે પદાધિકારીઓ, ગાંધીનગરથી ટાઉન પ્લાનર ઓફિસર ધર્મેન્દ્રસિંહ જાડેજા, પ્રોગ્રામ ઓફિસર શારદાબેન દેસાઈ તથા તેમની ટીમ, બાળ વિકાસ યોજના અધીકારીઓ તથા તેમની ટીમ, મુખ્યસેવિકાશ્રીઓ વગેરે અધીકારીઓ તથા કર્મચારીઓ, આંગવાડી કાર્યકર, તેડાગર, બાળકો તથા વાલીશ્રીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રોયલપાર્ક જૈન (મોટા) સંઘમાં શ્રુતનિધી બા.બ્ર.સાધનાબાઈ મહાસતીજી આદી ઠાણા-૬નો કલાવંતીબેન માઉંના નિવાસસ્થાનેથી ઐતિહાસિક ચાતુર્માસ મંગલ પ્રવેશ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શ્રુતનિધિ બા.બ્ર.પૂ. સાધનાબાઈ મહાસતીજી, શાંતસ્વભાવી બા.બ્ર.પૂ. ચંદનાબાઈ મહાસતીજી, સંઘ વત્સલા બા.બ્ર.પૂ. વર્ષાબાઈ મહાસતીજી, ભદ્ર પરિણામી બા.બ્ર.પૂ. આરતીબાઈ મહાસતીજી, મધુર ભાષી બા.બ્ર.પૂ. ખ્યાતિબાઈ મહાસતીજી, વૈયાવચ્ચ રત્ના બા.બ્ર.પૂ. હીનાબાઈ મહાસતીજી ઓ નો મંગલમય ચાતુર્માસ કલ્પ પ્રવેશ થયો હતો

મહાસતીજીઓના પ્રવેશ પ્રસંગે કલાવંતીબેન ભૂપતલાલ માઉં પરિવારે તેમના નિવાસસ્થાને સવારે ખૂબ સુંદર નવકારશી નું આયોજન કરેલ હતું ત્યારબાદ મહામંગલકારી નવકારમંત્ર ના જાપ કરેલ બહોળી સંખ્યામાં રાજેણી નગરી રાજકોટ, મોરબી, ગોંડલ, જામનગર વગેરે સમસ્ત સૌરાષ્ટ્ર ના સંઘોના વિશાળ સંખ્યા માં શ્રાવક - શ્રાવિકાઓએ ઉત્સાહભેર હાજરી આપેલ. આ પાવનકારી અવસરે ગોંડલ સંપ્રદાયના પૂજ્ય બા.બ્ર. સ્મિતાબાઈ મહાસતીજી, સંઘાણી સંપ્રદાયના પૂજ્ય રાજેશ્વરીબાઈ મહાસતીજી, પૂજ્ય હર્ષાબાઈ મહાસતીજી તેમજ આચાર્ય ભગવંત કુલચંદ્રસૂરિ મ.સા ના આજ્ઞાનુવર્તી પ.પૂ. સાધ્વીજી શ્રી ધ્યાનરસાશ્રીજી મ.સા. આદી ઠાણા-૨, ખાસ પધાર્યા હતાં. રાજકોટ ના બધા જ જૈન સંઘોના માન્યવર પદાધિકારીઓ તેમજ જૈન શ્રેષ્ઠિવર્યો આ અવશરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. માઉં પરિવાર હૃદયપૂર્વક સર્વ નો આભાર વ્યક્ત કર્યો હતો ગોંડલ સંપ્રદાય ના પ્રવીણભાઈ કોઠારી તેમજ વૈયાવચ્ચ પ્રેમી ચંદ્રકાંતભાઈ શેઠે સભાને સંબોધન કરી મહાસતીજીઓ ને ચાતુર્માસ મંગલ પ્રવેશ ની શુભેચ્છાઓ પાઠવેલ. આ અવસરે સંઘાણી સંપ્રદાય ના પ્રમુખ અશોકભાઇ કોઠારી ઉપસ્થિત રહ્યા હતા. શૈલેષભાઈ માઉં પરિવાર તથા રોયલ પાર્ક સંઘ ના શ્રાવકો માં અનેરો ઉત્સાહ અને ઉમંગ જોવા મળી રહ્યો હતો. ઉપાશ્રયમાં પ્રવેશ બાદ ચાંદી ની ૧૧ ગીની નો લક્કી ડ્રો કલાવંતીબેન ભૂપતલાલ માઉં પરિવાર તરફથી કરવામાં આવ્યો હતો.



અવસર ને રુડો કરવા સમસ્ત માઉં પરિવાર તથા રોયલપાર્ક સ્થા.જૈન મોટા સંઘ ના ઉત્સાહી દરેક પદાધિકારીઓ એ ખાસ હાજર રહી મહેનત કરેલ. રોયલપાર્ક સ્થા.જૈન મોટા સંઘ, સી.એમ.શેઠ પૌષધશાળા માં સંપૂર્ણ કાર્યક્રમ નું સફળ સંચાલન બિપીનભાઈ પારેખ તથા વિણાબેન શેઠ દ્વારા કરવામાં આવેલ. આ અવસરે શ યુનિવર્સિટી રોડ શ્વેત્તામ્બર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ, ના ઉપપ્રમુખ ઉમેશભાઈ શેઠે કાર્યક્રમ ને સફળતા ના શિખરે પહોંચાડવા માં સંપૂર્ણ સાથસહકાર આપેલ.

# ઘરઘાટી, નોકર, રસોઇયા, વોચમેન, માળીની વિગતો જાહેર કરવા પોલીસ કમિશ્નરે કર્યું ફરમાન

## સીટીઝન પોર્ટલ/ સિટીઝન ફર્સ્ટ એપ્લિકેશન મારફત ઓનલાઈન નોંધણી કરાવી શકાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં ભુતકાળમાં બનેલ લુટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા બનાવોમાં રહેણાંક વિસ્તારના મકાનો/બંગલાઓમાં કામ કરતા ઘરઘાટી, નોકર, ડ્રાઇવર, રસોઇયા, વોચમેન, માળી વગેરે મકાન માલીકનો વિશ્વાસ મેળવી તેઓના મકાન તથા તેમની પ્રવૃતિ ઉપર વોચ રાખી પોતે તથા તેના સાગરીતો દ્વારા મિલ્કત સબંધી તેમજ શરીર સબંધીના ગંભીર ગુન્હા આચરતા હોય છે. કોઈ ઔદ્યોગિક એકમો/ મકાનો/ બંગલા/ દુકાનો/ કારખાનાઓ /મકાન બાંધકામ બિલ્ડર્સ/ ટેક્ષટાઈલ ઉદ્યોગ/ હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલ તમામ પ્રાઈવેટ સેકટરોના માલિક /ઓનલાઈન સર્વિસ પ્રોવાઈડરો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કામ કરતા ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી કર્મચારી, કારીગરો મજુરો કે જે હાલમાં કામ પર છે તેવા તેમજ કામ ઉપર રાખવામાં આવનાર કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરો નોકરોની માહિતી/ હકીકત અંગેની તમામ નોંધણી સીટીઝન પોર્ટલ વેબસાઈટ (www.gujhome.gujarat.gov.in) અથવા સીટીઝન ફર્સ્ટ એન્ડ્રોઈડ એપ્લીકેશન મારફતે ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે. તેમજ જે તે વિસ્તારનાં પોલીસ સ્ટેશનને આ માહિતી આપવાની રહેશે.

આ ઉપરાંત રજુ કરવાની માહિ-તી સાથે મકાન માલીકનો તથા નોકરી પર રાખેલ નોકર/વોચમેનના પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ, સાથે મકાન માલીકનું નામ તથા સરનામું, ટેલિફોન નંબર તથા મોબાઈલ નંબર, કામે રાખેલ નોકરનું પુરુ નામ તથા ઓળખ ચિન્હો, હાલનું પુરુ સરનામું તથા મોબાઈલ નંબર, કામે રાખેલ નોકરના મુળ વતનનું સરનામું તથા મોબાઈલ નંબર, નોકરને નોકરી પર રાખ્યા તારીખ, જેની ભલામણથી/ઓળખાણથી નોકરીએ રાખેલ છે? તે સ્થાનિક રહીશનું પુરુ નામ, સરનામું તથા મોબાઈલ નંબર, નોકરના બે થી ત્રણ સગાસબંધીના નામ તથા સરનામા અને મોબાઈલ નંબર તથા વોચમેન હથીયાર ધરાવતાં હોય તો તેના હથીયાર લાયસન્સની વિગત તથા માન્ય એરીયા તથા રીન્યુ તારીખની વિગતો પણ આપવાની રહેશે. આ જાહેરનામાનો અમલ તા. ૩૧/૦૮/૨૦૨૫ સુધી રહેશે તેમ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાએ જાહેરનામા દ્વારા જણાવવામાં આવે છે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# બિનરાસાયણિક પદ્ધતિઓ થકી જમીનજન્ય રોગોના વ્યવસ્થાપન અંગે સૂચનો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા પંચાયતની ખેતીવાડી શાખા દ્વારા ખેડૂતો માટે બિનરાસાયણિક પદ્ધતિઓ થકી જમીનજન્ય રોગોનું વ્યવસ્થાપન કરવા અંગે જરૂરી પગલાં સૂચવાયા છે.

૧) દર વર્ષે એક જ જમીનમાં એકના એક પાકનું વાવેતર ન કરતા બીજા પાકોનું વાવેતર કરવું જોઈએ. જેથી, જમીનજન્ય રોગો જેવા કે સૂકારો, મૂળનો કોહવારો, થડનો સડો, ગંઠવા કૃમિ જેવા રોગોનું વ્યવસ્થાપન થઇ શકે છે. મગફળીના પાકમાં થડના કોહવારાનું પ્રમાણ ઘટાડવા કપાસ, ઘઉં, મકાઈ, જુવાર, ડુંગળી અને લસણ જેવા પાક સાથે ફેરબદલી કરવી જોઈએ.

૨) સંપૂર્ણ કોહવાયેલ, ગળતીયા છાણીયા ખાતર, લીંબોળી તથા દિવેલીનો ખોળ, રાયડાનો ખોળ કે મરઘાં-બતકાના ખાતરનો વપરાશ વધારવો જોઈએ. જેથી, જમીનનું પોત સુધરે અને રોગમાં ઘટાડો થાય. મગફળીમાં થડના કોહવારા માટે વાવણી પહેલા દિવેલીના ખોળને ૭૫૦ કિ.ગ્રા., પ્રતિ હેક્ટરે તથા કપાસમાં જમીનજન્ય ફૂગથી થતા રોગો જેવા કે ધરૂનું મૃત્યુ, મૂળખાઈ અને સૂકારાના નિયંત્રણ માટે છાણીયું ખાતર હેક્ટરે ૧૦ ટન અથવા પ્રેસમડ અથવા મરઘાનું ખાતર ૦૨ ટન પ્રતિ હેક્ટરે વાવેતર પહેલા જમીનમાં આપવાથી રોગોનું પ્રમાણ ઘટાડી શકાય છે.

૩) રોગપ્રતિકારક જાતોના પ્રાકૃતિક કૃષિથી વાવેતરનો આગ્રહ રાખવો જોઈએ. મગફળીમાં ઉગસૂક, મૂળખાઇ અને થડના કોહવારા સામે પ્રતિકારકતા માટે જી.જે.જી.-૩૩ જાતનો ઉપયોગ કરવો જોઈએ.

૪) જે તે પાકમાં રોગને ધ્યાનમાં રાખી પિયતના પાણીનું નિયમન કરવું જોઈએ. દિવેલા, તમાકુ, કપાસ અને તુવેરના પાકમાં જમીનજન્ય ફૂગથી થતાં મૂળખાઈ રોગની તીવ્રતા જમીનનું તાપમાન વધારે હોય તેવા કિસ્સામાં વધુ હોય છે. આવા કિસ્સામાં પાકને સમયસર પિયત આપવું હિતાવહ છે.

૫) જમીનજન્ય ફૂગથી થતા રોગ (ઉગસૂક, સૂકારો, ધરૂનો કોહવારો, થડનો કોહવારો, મૂળનો કોહવારો) અને કેટલાક બીજજન્ય રોગોના અટકાયત માટે જૈવિક નિયંત્રકો જેવા કે ટ્રાયકોડર્મા વીરીડી, ટ્રાયકોડર્મા હરજીયાનમ, સ્યુડોમોનાસ ફ્લુરેસેન્સનો ઉપયોગ (૦૮થી ૧૦ ગ્રામ/કિ.ગ્રા. બીજ) કરવો જોઈએ. ઘણા રોગકારકો જમીનમાં રહેતા હોઈ, તેના નિયંત્રણ માટે ૦૧ કિ.ગ્રા. ટ્રાયકોડર્માને ૧૦ કિ.ગ્રા. છાણિયા ખાતરમાં ભેળવી અને વિકસવા દેવું જોઈએ. આવુ તૈયાર કરેલું ૧૦ કિ.ગ્રા. છાણિયું ખાતર ૧૦૦ કિ.ગ્રા. બીજા છાણિયાં ખાતરમાં ભેળવીને જમીનમાં આપવાથી જમીનજન્ય રોગોનું નિયંત્રણ કરી શકાય છે.

૬) મગફળીમાં થડનો કોહવારો રોગના જૈવિક નિયંત્રણ માટે ૦૫ કિ.ગ્રા ટ્રાયકોડર્મા હરજીયાનમ અથવા ટ્રાયકોડર્મા વીરીડી ૨૫૦ કિ.ગ્રા. દિવેલી / રાયડાના ખોળ સાથે ભેળવીને વાવતા પહેલા ચાસમાં આપવું અથવા ટ્રાયકોડર્મા ૦૫ કિ.ગ્રા પ્રતિ હેક્ટરે માટી સાથે ભેળવી ચાસમાં આપવું જોઈએ.

૭) દિવેલામાં સૂકારો અને મૂળનો કોહવારો રોગના જૈવિક નિયંત્રણ માટે ટ્રાયકોડર્મા હરજીયાનમ ૦૫ કિ.ગ્રા.ને ૫૦૦ કિ.ગ્રા. રાયડાના ખોળ સાથે ભેળવીને ચાસમાં આપવું જોઈએ.

૮) તુવેરમાં સૂકારો રોગના જૈવિક નિયંત્રણ માટે ટ્રાયકોડર્મા હરજીયાનમ ૦૮થી ૧૦ ગ્રામ પ્રતિ કિ.ગ્રા. બિયારણ પ્રમાણે પટ આપવો અને છાણિયાં ખાતરમાં વૃદ્ધિ પામેલ ટ્રાયકોડર્મા ૨૦૦ ગ્રામ પ્રતિ મીટર પ્રમાણે ચાસમાં આપવાથી રોગનું નિયંત્રણ થાય છે.

આ અંગે વધુ જાણકારી નજીકના વિસ્તારના ગ્રામસેવક / વિસ્તરણ અધિકારી / ખેતી અધિકારી / તાલુકા અમલીકરણ અધિકારી / મદદનીશ ખેતી નિયામક / જિલ્લા ખેતીવાડી અધિકારી / નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) /નાયબ ખેતી નિયામક (તાલીમ)નો સંપર્ક કરી શકાશે.

(માહિતી સોર્સ પ્લાન્ટ પ્રોટેક્શન અસોસિયેશન ઓફ ગુજરાત અને જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી દ્વારા પ્રકાશિત કરેલી પુસ્તિકા "જમીનજન્ય રોગ-જીવાતોનું સંકલિત નિયંત્રણ")

# રાજકોટ શહેરમાં ઉતારો લેનાર મુસાફરોની ઓનલાઈન પોર્ટલ "પથિક" પર એન્ટ્રી કરાવાના આદેશ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ત્રાસવાદીઓ અને અસામાજીક તત્વો શહેરના વિસ્તારમાં આવેલા હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાનાઓમાં ગુપ્ત રીતે આશરો લેતા હોય છે. ભીડભાડવાળી જગ્યાની માહિતી મેળવી દેશ વિરોધી કૃત્યને અંજામ આપે છે. જે બાબતને ધ્યાનમાં લઈ રાજકોટ પોલીસ કમિશનરશ્રી બ્રજેશ કુમાર ઝાએ જાહેર કરેલા હુકમો મુજબ હોટલ, લોજ બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાના સહિતના માલીકોએ તેમને ત્યાં આશરો લેતા વ્યક્તિઓના રાજકોટના એસ.ઓ.જી શાખાની ઓફીસમાં રજિસ્ટ્રેશન કરાવી તેના યુઝર આઈડી, પાસવર્ડ મેળવી લેવાના રહેશે. જે અંતર્ગત રોકાણ અર્થે આવેલ દરેક વ્યકિતની જાણ ૨૪ કલાકમાં ઓનલાઈન પોર્ટલ https://pathik.guru/ માં આશ્રય આપનાર માલીકને ફરજીયાતપણે કરવાની રહેશે. આ ઉપરાંત રોજબરોજની સમરી રીપોર્ટ અને મુસાફરના આઈ. ડી. પ્રુફની નકલ તથા સી ફોર્મની હાર્ડકોપી નિયમિત ધોરણે જનરેટ કરી અલાયદી ફાઈલ બનાવી રેકર્ડમાં રાખવાની રહેશે તથા વિદેશી નાગરિકોની ડેટા એન્ટ્રી પથીક અને FRRO MODULE (IVFRT) સૉફ્ટવેરમાં કરવાની રહેશે. આ ઉપરાંત રોકાયેલા મુસાફરોની મુલાકાત માટે આવેલ ઈસમોના નામ, ફોન નં, અસલ ફોટો આઈ ડી, ચેક કરી નકલ ફાઇલ કરવાની રહેશે. મુસાફરોની તમામ માહિતી પથીક વેબપોર્ટલ પર કરવાની રહેશે.

વિદેશી મુલાકાતીનું બુકિંગ કરાવનારના નામ, સરનામા ફોન નં સહિતના અધિકૃત પુરાવા મેળવવા, વિદેશી કે પરપ્રાંતીય મુસાફરો કઈ જગ્યાએથી અને શા માટે રાજકોટ શહેરમાં ઉતર્યા છે તેની માહિતી મેળવી, તેમના નંબરની ખરાઈ કરી શંકાસ્પદ હીલચાલ જણાતા પોલીસ કંટ્રોલ રૂમને તેની જાણ કરવાની રહેશે. આ ઉપરાંત ત્રણ માસ સુધીના સી.સી.ટી.વી. ફુટેજ રાખવાના રહેશે. ટેકનોલોજીમાં આવેલ ખામીને કારણે જો એન્ટ્રી કરવામાં સમસ્યા સર્જાય તો તે અંગેની જાણ રાજકોટ એસ.ઓ.જીને કરવાની રહેશે. મુસ-ાફરોના વાહનોની વિગતો પણ પથીક પોર્ટલમાં એંટ્રી કરવી. આ આદેશોનો અમલ તા. ૩૧/૦૮/૨૦૨૫ સુધી કરવાનો રહેશે. જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# અટીકા ફાટક પાસે થયેલ ચકચારી હત્યા કેસમાં આરોપીના જામીન મંજુર

## પકડાયેલ મુખ્ય આરોપીના દિકરા શૈલેષ ભીમા સોલંકીના જામીન મંજુર કરતી ગુજરાત હાઈકોર્ટ



એડવોકેટ રૂપરાજસિંહ પરમાર



વિશાલભાઈ આણંદજીવાલા, એડવોકેટ ગુજરાત હાઈકોર્ટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તારીખ ૧૧/૦૮/૨૦૨૪ના રોજ રાત્રે ૮ વાગ્યા આસપાસ ફરિયાદી વિકીભાઈ સુરેશભાઈ સોલંકી તથા તેનો નાનો ભાઈ અર્જુન તથા પ્રકાશ રાજકોટ શહેરના ઢેબર રોડ અટિકા ફાટક પાસે પાનની કેબિને બેઠેલ હતા ત્યારે બેઠા બેઠા કુટુંબ પરિવારની વાતચીતો ચાલતી હતી ત્યારે ઢેબર કોલોનીમાં રહેતો રાજુ બાબુ સોલંકી તથા લોહાનગરમાં રહેતો વિજય રામદાસ કેબિન પાસે આવી ગાળાગાળી કરી ઝઘડો કરતાં હોય જેથી ફરિયાદી વિકી સુરેશભાઈ સોલંકી તથા ફરિયાદીના પિતા સુરેશભાઈ સોલંકી તથા ફરીયાદીનો ભાઈ અર્જુન તથા પ્રકાશ ઝઘડો નહીં કરવા સમજાવેલ અને છૂટા પાડેલ ત્યારે વિજય રામદાસ ત્યાથી જતો રહેલ અને રાજૂ બાબુ સોલંકી ઢેબર કોલોનીમાં અંદર ગયેલ ત્યારબાદ રાત્રિના સાડા આઠેક વાગ્યે ઢેબર કોલોની માથી ભીમા બાબુ સોલંકી તથા પ્રકાશ બાબુ સોલંકી, શૈલેષ ભીમા સોલંકી, નિલેષ ભીમા સોલંકી, અરવિંદ જાદવ, અનિલ રણછોડ, ધનો માવજી તથા યોગેશ ભગવાનજી એમ બધા લોકો હાથમાં તલવારો, લોખંડના પાઈપો તેમજ છરી જેવા હથિયારો વડે બધા આરોપીઓએ ફરિયાદી વિકી સુરેશભાઈ સોલંકી તથા ફરિયાદીના બંને ભાઈઓ પ્રકાશ અને અર્જુન તથા ફરિયાદીના પિતા સુરેશભાઈ સોલંકી ઉપર પ્રાણઘાતક હથિયારોથી સામૂહિક હુમલો કરલે જેમાં ફરિયાદી તથા તેના ભાઈઓ તથા ફરિયાદીના પિતાને આ તમામ આરોપીઓએ ગંભીર જીવલેણ ઈજા કરેલ જે ઈજાના કારણે ફરિયાદીના પિતાનું મૃત્યુ નીપજેલ જે બનાવ હત્યામાં પરિણામેલ તેમજ ફરિયાદી વિકી તથા તેના બને ભાઈઓને ગંભીર ઈજાઓ થયેલ હોય હત્યાના પ્રયાસનો પણ ગુન્હો બનેલ.ત્યારબાદ બાદ ભક્તિનગર પોલીસમાં ફરિયાદીએ પ્રકાશ બાબુ સોલંકી, રાજુ બાબુ સોલંકી, શૈલેષ ભીમા સોલંકી, નિલેષ ભીમા સોલંકી, અરવિંદ જાદવ, અનિલ રણછોડ, ધના માવજી, યોગેશ ભગવાનજી તથા ભીમા બાબુ સોલંકી એમ કુલ ૯ આરોપીઓ વિરુદ્ધ હત્યા, હત્યાની કોશીશની ફરિયાદ નોંધાવેલ જે ફરિયાદને આધારે પોલીસે તમામ આરોપીઓની ધરપકડ કરેલ તેમજ તમામ આરોપીઓ પાસેથી પોલીસે જીવલેણ હથિયારો પણ કબ્જે કરેલ હતા અને ત્યારબાદ જેલ હવાલે કરેલ.

જેલ હવાલે થયા બાદ આરોપીઓ પૈકી શૈલેષ ભીમા સોલંકીએ પોતાના વકીલ મારફત ગુજરાત હાઈકોર્ટમાં જામીન પર મુક્ત થવા માટે અરજી કરેલ હતી સદરહું જામીન અરજી ચાલી જતાં ફરિયાદપક્ષ તથા આરોપીપક્ષની દલીલો, ઉચ્ચ ન્યાયાલયો ના ચુકાદાઓ તેમજ કેસ ના સંજોગો ને ધ્યાને લઈ ગુજરાત હાઈકોર્ટ દ્વારા આરોપી શૈલેષ ભીમા સોલંકીની રેગ્યુલર જામીન અરજી મંજૂર કરવામાં આવેલ હતી.

આ કામમાં જામીન ઉપર છોડવામાં આવેલ આરોપી શૈલેષ ભીમા સોલંકી વતી ગુજરાત હાઈકોર્ટમાં વિશાલભાઈ આણંદજીવાલા તથા રાજકોટના વકીલ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, ફેઝાનભાઈ સમા, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા રોકાયેલ હતા.

# ગોંડલમાં નર્સિંગની વિદ્યાર્થીનીનો પીછો કરી મનોવિકૃત પૂર્વ સહપાઠી દ્વારા પજવણી

### એટ્રોસિટી એક્ટ મુજબ પોલીસમાં ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલમાં નર્સીંગનો અભ્યાસ કરતી વિદ્યાર્થીનીનો પીછો કરી પૂર્વ સહપાઠી અને એક તરફી પ્રેમી સતત પજવણી કરી અલગ અલગ મોબાઈલ નંબર પરથી મેસેજ કરી વાત કરવા દબાણ કરી વિદ્યાર્થીનીને અપહરણ ધમકી આપતાં ધારીના શખ્સ વિરુદ્ધ ગોંડલ બી ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ મૂળ અમરેલી જિલ્લાના ખાંભા પથકની વતની અને હાલ ગોંડલના ગોમટા ચોકડી નજીક આવેલી નર્સીંગ કોલેજના હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતી ૨૦ વર્ષીય વિદ્યાર્થીનીએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ધારીના ત્રંબકપુર ગામના યશ જેન્તી કાનાણીનું નામ આપતાં ગોંડલ બી.ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ આદરી છે.

ફરીયાદીએ જણાવ્યું હતું કે,

અગાઉ વિદ્યાર્થીની ખાંભા પંથકમાં આવેલ ખાનગી શાળામાં અભ્યાસ કરતી હતી. ત્યારે તે જ શાળાની હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતો શખ્સ યશ કાનાણી સાથે ઔપચારિક પરિચય થયો હતો. બાદમાં આ શખ્સે યેનકેન પ્રકારે વિદ્યાર્થીનીનો મોબાઈલ નંબર પણ મેળવી લીધો હતો. બાદમાં યશ કાનાણીએ વિદ્યાર્થીનીને અલગ અલગ નંબર પરથી મેસેજ કરવાનું શરૂ કર્યું હતું. વિદ્યાર્થીનીએ થોડો સમય સુધી મેસેજનો કોઈ રીપ્લાય આપ્યો ન હતો. બાદમાં યશ કાનાણીએ યુવતીને મેસેજ કરી અપહરણ કરી લેવાની ધમકીઓ શરૂ કરી હતી. બાદમાં આ બાબતે વિદ્યાર્થીનીએ પરિજનોને જાણ કરતા પરિજનોએ યુવકના પરિવારજનો સાથે વાત કરી હવે યશ કાનાણી વિદ્યાર્થીનીની પજવણી નહિ કરે તેવો સમજૂતી કરાર કરવામાં આવ્યો હતો.

બાદમાં વિદ્યાર્થીની ઉચ્ચ અભ્યાસ અર્થે ગોંડલ આવી ગઈ હતી. તે પછી પણ મનોવિકૃતે વિદ્યાર્થીનીને મેસેજ કરવાનું બંધ કર્યું ન હતું. ધારીના શખ્સે ગત તા. ૨૫-૦૬-૨૦૨૫ થી ૨૭-૦૬-૨૦૨૫ સુધી સતત ત્રણ દિવસ સુધી ગોંડલ ખાતે ધસી આવી વિદ્યાર્થીનીનો પીછો કર્યો હતો અને મેસેજ કરી મારી સાથે વાત નહિ કરે તો તને બરબાદ કરી દઈશ, અપહરણ કરી લઈ તેવી ધમકીઓ આપતો હતો. અંતે વિદ્યાર્થીનીએ ફરીવાર પરિજનોને જાણ કરી હતી.

જે બાદ પરિજનોએ હિંમત આપતાં વિદ્યાર્થીનીએ ફરિયાદ નોંધાવી હતી. ૨૦ વર્ષીય વિદ્યાર્થીનીની ફરીયાદ પરથી ગોંડલ બી ડિવિઝન પોલીસે ધારીના યશ કાનાણી વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ અને બીએનએસની કલમ ૭૮(૨), ૩૫૧(૩) હેઠળ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# ઉપલેટામાં મકાન ધરાશાયીઃ મહિલાનું મોત

### ટ્રાફિકથી ધમધમતા મચ્છી માર્કેટ વિસ્તારમાં દુર્ઘટના બનીઃએક મહિલાને ગંભીર ઈજા

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

ઉપલેટા ના ચોઘડિયા વિસ્તારમાં એક મકાન તરાસાઈ થયું હોવાની ઘટના બની છે જેમાં મકાન થરાદ થવાની આ ઘટના ની અંદર બે મહિલાઓ દટાઈ હતી જેમાં બે મહિલાઓ પૈકીની એક મહિલાનું મકાનમાં ઘંટાઈ જવાથી મોત થયું હોવાનું સામે આવ્યું છે.



જ્યારે અન્ય એક મહિલાને ઈજાઓ થતા તુરંત તેમને સ્થાનિકોએ બહાર કાઢીને સારવાર અર્થે રાખવામાં આવી છે ત્યારે ઘટના અંગે જાણ થતા સ્થાનિક તંત્ર અને આસપાસના વિસ્તારના લોકો દોડી આવ્યા હતા અને કાટમાળમાં દટાયેલ મહિલાઓને બહાર કાઢવા માટેની તજવીજ સ્થાનિકોએ ખાસ હાથ ધરી હતી.

ઉપલેટા શહેરના ધમધમતા એવા મચ્છી માર્કેટ પાસે એક મકાન ધરાશાઈ થયું હોવાની ઘટના બની છે જેમાં બે મહિલાઓ પૈકીની મંજુબેન સલાટ નામની ૫૪ વર્ષીય મહિલાનું મોત થયું છે ત્યારે સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી જ્યાં હાજર તબીબ દ્વારા તેમને મૃત જાહેર કરવામાં આવી છે જ્યારે અન્ય એક મહિલાને પણ ઈજાઓ તથા સારવાર અર્થે ખસેડવામાં આવી છે. અકસ્માતે બનેલી આ ઘટના અંગેની જાણ થતા આસપાસના લોકો સ્થાનિક નગરસેવકો અને તંત્ર દોડી આવ્યું હતું જેમાં ઉપલેટા મામલતદાર નિખિલ મહેતા, નગરપાલિકાના કર્મચારીઓ સહિતના સૌ કોઈ લોકો દોડી આવ્યા હતા અને દટાયેલી મહિલાઓને સ્થાનિક લોકો સહિતનાઓ દ્વારા બહાર કાઢીને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા ત્યારે ઉપલેટામાં મકાન ધરાસાઈ થવાનો આ ચોથો કિસ્સો સામે આવ્યો છે. ઉપલેટામાં ગત દિવસોમાં બે અલગ અલગ મકાનોના છત પડયા હતા જ્યારે અન્ય એક મુસાફર ખાનું પણ ધરાશાઈ થયું હતું ત્યારે આ ત્રણ અલગ અલગ ઘટનામાં કોઈપણ જાનહાનિ કે ઈજાના સમાચાર સામે નતા આવ્યા પરંતુ મીડિયા દ્વારા તંત્ર લાજ કાઢતું હોય અને કાર્યવાહીમાં કે એક્શન લેવાના મૂળમાં ન હોય તે બાબતે ટકોર પણ કરી હતી છતાં પણ તંત્રએ કોઈ પગલાં ન લેતા પરિણામે એક મહિલાનો જીવ ગયો છે

# સામાકાંઠે રેડીમેઈડ કપડાની દુકાન ચલાવતી મહિલા સાથે ફિઝિકલ રિલેશન રાખવા ધરાર પ્રેમીનું દબાણ

### ■ સંબંધો નહીં રાખે તો હું સુસાઈડ નોટમાં તારૂ નામ લખી આપઘાત કરી તને બરબાદ કરી નાખીશઃ મહિલાને શખ્સે આપી ધમકીઃ પોલીસ કમિશનરને લેખીતમાં કરાઈ ફરિયાદ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સામાકાંઠે રહેતી ૩૪ વર્ષીય મહિલા સાથે ધરાર સંબંધ રાખવા અને ફિઝિકલ રિલેશન માટે શખ્સે દબાણ કરી અવારનવાર ફોન કરી ત્રાસ ગુજારતા મહિલાએ શહેર પોલીસ કમિશનરને લેખીતમાં ફરિયાદ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સામાકાંઠે રહેતી અને રેડિમેન્ટ કપડાની દુકાન ચલાવતી એક ૩૪ વર્ષીય મહિલાએ કેવડાવાડીમાં રહેતા રાજેશ ચંદ્રકાન્ત પારેખ નામના શખ્સ વિરૂધ્ધ શહેર પોલીસ કમિશનરને લેખીતમાં ફરિયાદ કરી છે કે, મહિલા અગાઉ બે વર્ષ પહેલા એક કપડાની દુકાનમાં નોકરી કરતી હતી ત્યારે આ રાજેશ પારેખ સાથે તેને પરીચય થયો હતો અને બન્ને વચ્ચે ફોન નંબરની આપલે થઈ હતી અને ફોનમાં વાત કરતા હોય. છેલ્લા છ મહિનાથી આ રાજેશ પારેખનું વર્તન બદલાય ગયું અને તેને ત્રાસ આપવાનું તથા અવારને અવાર ધમકીઓ આપી માનસીક ત્રાસ આપતો હોય જેથી મહિલાએ તેનો નંબર બ્લોકમાં નાખી દેતા આ શખ્સ મહિલાનો પીછો કરી તેના ઘર અને દુકાનની આસપાસ આટાફેરા કરી મહિલા સાથે બિભત્સ ઈશારાઓ કરી પોતાના મોબાઈલમાં ફોટા પાડી આ ફોટા વાઈરલ કરવાની, અન્યના ફોનમાંથી ફોન કરી ધમકી આપતો હતો અને ફિઝિકલ રિલેશન રાખવા દબાણ કરતો હતો અને કહેતો કે તું મારી સાથે ફિઝિકલ સંબંધો નહીં રાખે તો હું તને બરબાદ કરી નાખીશ, તારા સંતાનોને જીવવા નહીં દવ, બધાને જાનથી મારી નાખીસ હું પોતે સુસાયટ નોટ લખી, તારૂ નામ લખી આપઘાત કરી લઈશ અને તને બદનામ કરી ફીટ કરાવી દઈશ. મારી વિરૂધ્ધ પોલીસમાં ફરીયાદ કરીશ તો મારૂ કાંઈ જ નહીં બગડે મારે એસઓજી, ડીસીબીમાં ઉચ્ચ અધિકારીઓ સાથે ખુબ જ સારા સંબંધો છે. મારૂ કંઈ નહીં બગડે પણ તને બરબાદ કરી નાખીશ અને જીવવા નહીં દવ તેવી ધરાર પ્રેમીએ મહિલાને ધમકીઓ આપી હોય જેના પગલે મહિલાએ પોલીસમાં ફરિયાદ કરી છે.

મહિલાની ફરિયાદને પોલીસે ગંભીરતાથી લઈ તપાસ શરૂ કરાઈ હતી. તે અરસામાં ધરાર પ્રેમીને પોલીસમાં ફરિયાદ થયાની ભણક આવી જતા તેણે પોતાના મોબાઈલ સ્વીચઓફ કરી નાખતા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

# ફાડદંગ ગામે મેલડી માતાજીના મંદિરમાં તસ્કરો ત્રાટકયાઃ ૧.૯૨ લાખના આભૂષણોની ચોરી

### સીસીટીવી ફૂટેજમાં ત્રણ બુકાનીધારી શખ્સો કેદ; પોલીસ તપાસનો ધમધમાટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ નજીક ફાડદંગ ગામે ડેરોઈ ગામ તરફ જવાના રસ્તે આવેલા ૧૦૦ વર્ષ જૂના વાંઘારી મેલડી માતાજીના મંદિરને નિશાન બનાવી અજાણ્યા ત્રણ તસ્કરો માતાજીની મૂર્તિમાં ચડાવેલા રૂા.૧.૯૨ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના ચોરી ગયાની કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.



કુવાડવા રોડ પોલીસે આ અંગે ગિરીશભાઈ કાનજીભાઈ કથીરીયા (ઉ.વ.૪૩, રહે. જયસન પાર્ક મોરબી રોડ, રાજકોટ, મૂળ ફાડદંગ)ની ફરિયાદ પરથી ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. ગિરીશભાઈએ જણાવ્યું કે તે ખેતી કામ કરે છે. તેમના પત્ની ગામનાં સરપંચ છે. ગામના વાડી વિસ્તારમાં ડેરોઈ ગામ તરફ જવાના રસ્તે ૧૦૦ વર્ષ જૂનું વાંઘારી મેલડી માતાજીનું મંદિર આવેલ છે. જે મંદિરમાં આરતી કરવાનું કામ તેજ ગામના મનસુખભાઈ ફુલતરીયા કરે છે.

સવારે મનસુખભાઈએ ફોન કરી જણાવ્યું હતું કે તે મંદિરે આરતી કરવા આવ્યા ત્યારે મંદિરની બારી તૂટેલી હાલતમાં છે, સામાન વેર-વિખેર હાલતમાં છે, તમે આવો, કહેતાં તે ત્યાં મંદિરે ગયા હતા. તપાસ કરતાં મંદિરમાં દિવાલમાં સ્થિત બારી તૂટેલી જોવા મળી હતી. જયારે માતાજીની મૂર્તિના આગળના ભાગે સ્ટીલની ગ્રીલ પણ તૂટેલી હાલતમાં હતી. માતાજીની મૂર્તિને ચડાવેલા રૂ.૧.૯૨ લાખના સોના-ચાંદીના દાગીના જોવા મળ્યા ન હતા.આથી મંદિરના સીસીટીવી ફટેજ ચેક કરતાં ત્રણ અજાણ્યા બુકાનીધારી શખ્સો કેદ થયા હતા.હાલ પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે.

# અયોધ્યા ચોક પાસે નાના ભાઈની ઓફિસમાં મોટાભાઈએ ઝેર પી જીવન ટૂંકાવ્યું

### આપઘાતનું કારણ અકબંધ; યુવકના મોતથી બે બાળકોએ પિતાનું છત્ર ગુમાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલા અયોધ્યા ચોક પાસે આવેલી ભાઈની ઓફિસમાં યુવાને ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. આ અંગે પોલીસે આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ, વિમલનગર મેઈન રોડ પર આવેલી શિવધારા સોસાયટી શેરી નં.પમાં રહેતાં પિયુષ જેન્તીભાઈ વેકરીયા (ઉ.૪૦) નામના યુવાને આજે બપોરે અયોધ્યા ચોક પાસે ઈન્ફીનીટી બિલ્ડીંગમાં આવેલી તેના ભાઈની ઓફિસ નં.૬૧૨માં કોઈ કારણોસર ઝેરી દવા પી લેતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ સારવાર કારગત ન નિવડતાં અહિં તેનું મોત નિપજ્યું હતું. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી યુનિવર્સિટી પોલીસને જાણ કરતાં પોલીસે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી હતી.



પ્રાથમિક તપાસમાં મૃતક પિયુષ બે ભાઈ એક બહેનમાં મોટો અને અગાઉ ટ્રેડીંગનું કામ કાજ કરતો હતો. તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. મૃતકે આ પગલું શા માટે ભરી લીધું ? તે અંગે પરિવારજનો પણ અજાણ હોય પોલીસે આપઘાતનું કારણ જાણવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ બનાવથી બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી દેતાં પટેલ પરિવ-ારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.

# પડધરી ગામે પૂત્રીએ પતિની સાથે મળી પિતાનું ઢીમ ઢાળી દીધું

### ઝઘડો કરતા પ્રૌઢને દિકરી-જમાઈએ લાકડી અને સળીયાના ઘા ઝીંકયા, પૂત્રીએ લોહીથી નીતરતા પિતાના વસ્ત્રોને સાફ કરી ફરી પહેરાવ્યાઃ બન્નેની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પડધરી પાસે ઝઘડો થતા દિકરીએ પતિની સાથે મળી પિતાનું ઢીમ ઢાળી દીધું હતું. બાદમાં બન્નેની ધરપકડ થઈ છે.



આ અંગેની માહિતી મુજબ સુવાગ ગામે અજાણ્યા પ્રૌઢની ઈજાગસ્ત હાલતમાં લાશ મળી આવતા પડધરી પોલીસને જાણ કરાતા મહિલા પીઆઈ એસ.એન.પરમાર તથા રૂરલ ક્રાઈમ બ્રાન્ચ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો.મૃતકના શરીરે ઈજાના નિશાન હોય જેથી બનાવ હત્યાનો હોવાની શંકાએ પોલીસે મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિ.માં ખસેડી પ્રૌઢની ઓળખ મેળવવા ઘુટ્ટ રહેતા મૃતકના પુત્ર કાન્તીભાઈ હિમ્મતસિંહ ડોર ઉ.૪૦ને લાશનો ફોટો બતાવતા તે લાશ તેના પિતા હિંમતસિંહ વિરસિંહ ડામોર હોવાનું જણાવ્યું હતું. તેમજ મૃતક છેલ્લે તેના દિકરી ખેતાબેન ગણપતભાઈ અજનાર, પતિ ગણપત મકનાભાઈ અજનારના ઘરે ગયાનું જાણવા મળતા પોલીસે બન્ને શંકાના દાયરામાં લઈ પુછ્તાછ કરેલ જેથી શંકાસ્પદ જવાબ આપતા હોવાથી પોલીસે આકરી ઢબે પુછ્તાછ કરતા મૃતક ગત.તા.૩૦ના સવારે મૃતક થરે આવી પતિ ગણપત સાથે ઝથડો કરેલ હોય જેથી દંપતિએ લાકડી અને સળીયાથી પૌઢને મારકુટ કરતા મૃત્યુ પામેલ હતા.બાદ મૃતકે પહેરેલ કપડા પાણીથી ધોઈ નાખી ત્યાં પડેલ લોહી સાફ કરી જે કપડા પહેરેલ હતા તે ફરિ પહેરાવી રાત્રીના થતા મૃતકને આરોપી ગણપતના બાઈકમાં બેસાડી તરથડીથી સરપદડ ગામથી આગળ બાઈક બંધ પડી જતા લાશને ત્યાં રોડ નીચે નાખી દીધા બાદ આગળના ગામે સુઈ જઈ સવારે એક રીક્ષા માં બાઈક મેટોડા જીઆઈડીસીમાં રીપેરીંગ માટે તરથડી ગામે આવી ગયા હતા.મૃતક અવાર નવાર ઘરે આવી દિકરી-જમાઈ સાથે ઝઘડો કરતા હોવાથી ઢીમ ઢાળી દેવાનું નકકી કર્યુ હતું હોવાની કબુલાત આપતા પોલીસે ગુનો નોંધી દંપતિની ધરપકડ કરી ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે.

# રાજકોટમાં રોગચાળો વકર્યોઃ ઝાડા-ઉલ્ટીથી વિદ્યાર્થીનું મૃત્યુ

### સગીરને બેભાન હાલતમાં હોસ્પિટલે ખસેડાયો પણ સારવાર કારગત ન નીવડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત રાજ્યભરમાં ચોમાસાની શરૂઆતમાં જ રોગચાળો બેકાબુ થયો હોય તેમ જીવલેણ બન્યો છે. રોગચાળાના કારણે અનેક માનવજીંદગી કાળના ખપરમાં હોમાઈ છે ત્યારે રાજકોટમાં રોગચાળો વધુ એક જીંદગી ભરખી ગયો હોવાની ઘટના સામે આવી છે. જેમાં રાજકોટમાં રહેતા અને ધો.૧૧માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીનું ઝાડા-ઉલ્ટીની બિમારી સબબ મોત નિપજતાં પરિવારમાં કરૂણ કલ્પાંત સર્જાયો છે.



આ અંગે ની જાણવા મળતી વિગતો મુજબ, રાજકોટમાં મવડી ચોકડી પાસે આવેલ ઉદયનગરમાં રહેતા અને ધો.૧૧માં અભ્યાસ કરતાં વૈભવ પરાગભાઈ પાઠક નામનો ૧૬ વર્ષનો સગીર પોતાના ઘરે હતો ત્યારે ઝાડા- ઉલ્ટીની બિમારી સબબ બેશુધ્ધ હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ટૂંકી સારવ-ાર દરમિયાન વૈભવ પાઠકે ઝાડા ઉલ્ટીની બિમારી સબબ હોસ્પિટલના બીછાને દમ તોડી દેતાં પરિવારમાં અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી છે. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરતા માલવીયાનગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી સગીરના મૃતદેહને પીએમ અર્થે ખસેડયો હતો.

પ્રાથમિક પુછપરછમાં મૃતક વૈભવ પાઠકના પિતા ખાનગી સ્કૂલમાં નોકરી કરી પરિવારનુ ગુજરાન ચલાવે છે. વૈભવ પાઠક બે ભાઈમાં મોટો હતો અને ધો.૧૧ કોમર્સમાં અભ્યાસ કરતો હતો. વૈભવ પાઠકનું ઝાડા ઉલ્ટીની બિમારી સબબ મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે માલવીયાનગર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સ્વામીનારાયણ નગરમાં મહિલા વેપારીને અજાણ્યા શખ્સોએ માર માર્યો

### જુદા જુદા બે સ્થળે બે પરિણીતાએ જવલનશીલ પ્રવાહી પી લેતા તબિયત લથડી

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં ગોકુલધામ મેઈન રોડ ઉપર આવેલ સ્વામીનારાયણ નગરમાં કરિયાણાના મહિલા વેપારી સાથે અજાણ્યા શખ્સોએ ઝઘડો કરી હુમલો કર્યો હતો. વૃદ્ધાને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ ગોકુલધામ મેઈન રોડ ઉપર આવેલ સ્વામિનારાયણ નગરમાં રહેતા લલીતાબેન પ્રાગજીભાઈ ખંભાયતા નામના ૮૯ વર્ષના વૃદ્ધા બપોરના એકાદ વાગ્યાના અરસામાં કરિયાણાના થડે બેઠા હતાં ત્યારે ધસી આવેલા અજાણ્યા શખ્સોએ ઝઘડો કરી બોથડ પદાર્થ વડે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા વૃદ્ધાને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. અન્ય બનાવમાં મહિકા મેઈન રોડ ઉપર આવેલ નકલંક પાર્કમાં રહેતી પાયલબેન દિનેશભાઈ ખેતલિયા નામની પરણીતાએ બપોરના સમયે કોઈ અગમ્ય કારણસર કપડા ધોવાનું લીકવીડ પી લીધું હતું. બીજા બનાવમાં કણકોટ નજીક આવેલા એકલવ્યનગરમાં રહેતી જયશ્રીબેન કેતનભાઈ રાઠોડ નામની ૨૦ વર્ષની પરણીતા સાંજના પાંચેક વાગ્યના સમયે પોતાના ઘરે હતી ત્યારે કોઈ અગમ્યકારણસર ફિનાઈલ પી લીધું હતું. જવલનશીલ પ્રવાહી પી લેનાર બન્ને પરિણીતાને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં નવા સરકારી વકીલોની તાત્કાલીક નીમણુંક કરવા ધરાશાસ્ત્રીઓની માંગ

### મુખ્યમંત્રી અને કેન્દ્રીય ગૃહમંત્રી સહીતનાને પત્ર પાઠવી કરાઈ રજુઆત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં નવા સરકારી વકીલોની તાત્કાલીક નીમણુંક કરવા વકીલો દ્વારા મુખ્યમંત્રી અને કેન્દ્રીય ગૃહમંત્રી સહીતનાને પત્ર પાઠવી રજુઆત કરવામાં આવી છે. ગુજરાત સરકારના કાયદા મંત્રાલય દ્વારા થોડા સમય પહેલાં સમગ્ર ગુજરાત રાજયના તમામ જીલ્લા કલેકટરને સુચના આપવામાં આવી હતી. તે અનુસંધાને રાજકોટમાં સરકારી વકીલ માટે ફોર્મ તથા જીલ્લા કલેકટર તથા સેસેન્સ એન્ડ ડીસ્ટ્રીકટ જજ દ્વારા સંયુક્ત રીતે ઈન્ટરવ્યુની કામગીરી કરવામા આવી હતી. ત્યારબાદ લાયક ઉમેદવારોની પેનલ કલેકટર દ્વારા કાયદા મંત્રાલયમાં મોકલી આપવામાં આવી છે. તેમ છ્તા આજદીન સુધી જાહેરાત મુજબ મદદનીશ સરકારી વકીલોની નિમણુંક કરવામાં આવી નથી તે અંગે અનેકવાર યુવા લોયર્સ એશો. અને લીગલ સેલ સહિતના વકીલો દ્વારા રજુઆત કરવામાં આવી હતી. પરંતુ કોઈ નીમણુંક કરવામાં નથી. રાજકોટના વકીલો દ્વારા સરકારમાં રજુઆત કરવામાં આવી છે કે હાલમાં રાજકોટ જીલ્લામાં આશરે છેલ્લા ૧૦ વર્ષ જેટલા સમયથી નવી મદદનીશ સરકારી વકીલોની નીમણુંક કરવામાં આવી નથી. હાલમાં ફરજ બજાવતા સરકારી વકીલોમાંથી અમુક ગાઈડ લાઈન મુજબની વય મર્યાદા વટાવી દીધેલ હોવા છ્તાં ફરજ બજાવે છે અને સરકારી વકીલો ઉપરાંત વર્તમાન સરકારી વકીલો સામે અનેક ફરીયાદો અનેક વર્ષોથી સતત થઈ રહી છે. પરંતુ સરકાર દ્વારા કોઈ પગલાં લેવામાં આવતા નથી કે કોઈ નવી નીમણુંક -કરવામાં આવતી નથી. આમ ચાલુ સરકારી વકીલોની અલગ અલગ ફરીયાદો તથા નીમણુંક અંગે તાત્કાલીક પેન્ડીંગ રહેલ પ્રક્રિયા પુર્ણ કરી ‘‘નો રીપીટ થીયરી‘‘ના ધારા ધોરણો મુજબ નીમણુંક કરવા અને તેમાં નિર્વિવાદી, નિષ્પક્ષ અને સરકારનો પક્ષ સારી રીતે રાખી શકે તેવી નવી નીમણુંકો તાત્કાલીક કરવા વકીલો દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય ગૃહમંત્રી અમીતભાઈ શાહ, ગુજરાત ગૃહ રાજયમંત્રી હર્ષભાઈ સંઘવી, ગૃહ સચીવ, ડાયરેકટર ઓફ પ્રોસીકયુશન, સાંસદ મનસુખભાઈ માંડવીયા, એસ.જયશંકર, પુરૂષોતમ રૂપાલા, રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, દર્શીતાબેન શાહ, કુંવરજીભાઈ બાવળીયા, રમેશભાઈ ટીલાળા, ભાનુબેન બાબરીયા, સહિતનાને પત્ર પાઠવી રજુઆત કરવામાં આવી છે.